dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 341 | AD - 2026, Bhadarva Sud-07 | Friday, Dt. 18-09-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### સેમિકોન ઈન્ડિયા-૨૦૨૬નું નવી દિલ્હીમાં ઉદ્ઘાટન, સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં વ્યાપક વિસ્તરણ અને રોકાણ પર ભાર

# દેશનું અર્થતંત્ર વિકસી રહ્યું છે, વિશ્વને ભારત પર વિશ્વાસ છે : મોદી

નવીદિલ્હી,તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીના યશોભૂમિ ખાતે સેમિકોન ઈન્ડિયા-૨૦૨૬નું ઉદ્ઘાટન કર્યું હતું. ૧૭થી ૧૯ સપ્ટેમ્બર સુધી યોજાનારા આ ત્રણ દિવસીય વૈશ્વિક કાર્યક્રમમાં ૫૨ દેશોની સૈંકડો કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સ ભાગ લઈ રહ્યા છે. કાર્યક્રમમાં હજારો મુલાકાતીઓ ઉપરાંત ૪૦૦ થી વધુ ઉદ્યોગપતિઓ, એક્ઝિક્યુટિવ્સ અને વક્તાઓ ઉપસ્થિત રહ્યા છે. આ વર્ષની થીમ 'સિલિકોન ટુ સિસ્ટમ્સ : બિલ્ડિંગ ધ ઈકોસિસ્ટમ' રાખવામાં આવી છે. ઉદ્ઘાટન પ્રસંગે વડાપ્રધાન મોદીએ વિશ્વકર્મા જયંતીની શુભેચ્છા પાઠવી હતી. તેમણે જણાવ્યું કે ભારતીય સંસ્કૃતિમાં ભગવાન વિશ્વકર્માને સર્જન અને નિર્માણના દેવ તરીકે પૂજવામાં આવે છે. દેશનો દરેક નાગરિક વિકસિત ભારતના નિર્માણ માટે પ્રતિબધ્ધ છે. તેમણે કહ્યું કે ભારતનું અર્થતંત્ર વિકસી રહ્યું છે ત્યારે વિશ્વનો ભારત પરનો વિશ્વાસ પણ વધી રહ્યો છે. વડાપ્રધાને જણાવ્યું કે સેમિકોન ઈન્ડિયાનું પ્રથમ સંસ્કરણ વર્ષ ૨૦૨૧માં યોજાયું હતું. ત્યારથી આ કાર્યક્રમનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે. પ્રથમ તબક્કામાં નીતિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું, જ્યારે ત્યારબાદના કાર્યક્રમોમાં પ્રોજેક્ટ્સ, કરારો, પાયારૂપ માળખાં અને પાઈલટ પ્રોજેક્ટ્સ અંગે ચર્ચા થઈ હતી. હવે ભારતનું ધ્યાન કોમર્શિયલ ચિપ મેન્યુફેક્ચરિંગ તરફ આગળ વધી રહ્યું છે.આ પ્રસંગે વડાપ્રધાને ગુજરાતના સુરતમાં



સુચી સેમિકોન અને પંજાબના મોહાલીમાં સીડીઆઈએલના નવા કોમર્શિયલ ચિપ મેન્યુફેક્ચરિંગ યુનિટનું ઉદ્ઘાટન કર્યું હતું. આ બંને એકમોમાં વિવિધ ઈલેક્ટ્રોનિક ઉપકરણો માટે ચિપ્સનું ઉત્પાદન કરવામાં આવશે. વડાપ્રધાને જણાવ્યું કે ભારતમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રને વિકસાવવા માટે સરકાર દ્વારા સતત નીતિગત અને માળખાકીય પગલાં લેવામાં આવી રહ્યા છે. ભારતે સેમિકન્ડક્ટર મિશનનો બીજો તબક્કો શરૂ કર્યો છે. પ્રથમ તબક્કામાં આશરે ૧૦ અબજ ડોલરના રોકાણનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યારે બીજા તબક્કામાં આશરે ૧૩.૫ અબજ ડોલરના રોકાણનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. વડાપ્રધાને જણાવ્યું કે વૈશ્વિક કંપનીઓ ભારતીય ડિઝાઈન કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સ સાથે ભાગીદારી કરી શકે છે. સરકાર પ્રોજેક્ટ્સની સફળતા માટે નીતિથી લઈને જરૂરી માળખાં સુધી તમામ પગલાં લઈ રહી છે. તેમણે કહ્યું કે સેમિકન્ડક્ટર સપ્લાય ચેઈનને મજબૂત બનાવવા માટે ભારતમાં અનેક સુધારા કરવામાં આવ્યા છે. રસાયણો અને સામગ્રી માટે જરૂરી ઈકોસિસ્ટમ તેમજ બજારની માંગને ધ્યાનમાં રાખીને માળખું તૈયાર કરવામાં આવી રહ્યું છે. પ્રથમ તબક્કામાં ૧૨ પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે અને આગામી તબક્કામાં વધુ પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવશે. ભારતમાં વિશાળ એન્જિનિયરિંગ પ્રતિભા છે અને દર વર્ષે મોટી સંખ્યામાં એન્જિનિયરો તૈયાર થઈ રહ્યા છે. વડાપ્રધાને સેમિકન્ડક્ટર ઉદ્યોગ સામેના પડકારોનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું કે ટ્રાન્ઝિસ્ટરનું કદ સતત નાનું થઈ રહ્યું છે અને તેની સાથે ટેકનોલોજીની ક્ષમતા વધી રહી છે. છેલ્લા બે વર્ષમાં વૈશ્વિક સેમિકન્ડક્ટર બજારમાં ૨૦ ટકાથી વધુ વૃદ્ધિ થઈ છે.

# પંજાબના ૬ જિલ્લામાં ખેડૂતોના વિવિધ સંગઠનોએ રેલવે ટ્રેક પર ધરણાં કર્યા, મોગામાં પોલીસ સાથે ઘર્ષણ

અમૃતસર, તા.૧૭

પંજાબમાં ખેડૂતોના વિવિધ સંગઠનોએ પોતાની માંગણીઓને લઈને રેલ રોકો આંદોલન શરૂ કર્યું છે. મોગા સહિત છ જિલ્લામાં ખેડૂતોએ રેલવે ટ્રેક પર ધરણાં કરી પંજાબ સરકાર સામે વિરોધ નોંધાવ્યો હતો. મોગાના મહેશ્વરી સંધુઆ ગામમાં કેકેએમ ચેપ્ટર પંજાબ સાથે જોડાયેલા આઠ ખેડૂત સંગઠનોએ રેલવે ટ્રેક પર પહોંચીને ધરણાં શરૂ કર્યા હતા. ખેડૂતોને રોકવા માટે મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. જોકે, ખેડૂતો પોલીસ બેરિકેડ ઓળંગીને ટ્રેક પર



પહોંચી ગયા હતા. આ દરમિયાન રેલવે સ્ટેશન બહાર ખેડૂતો અને પોલીસ વચ્ચે ઝપાઝપી થઈ હતી. ખેડૂત નેતા બલદેવ સિંહ જીરાએ જણાવ્યું હતું કે ખેડૂતો અગાઉ જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરી તથા પંજાબ સરકારના મંત્રીઓના નિવાસસ્થાન બહાર વિરોધ કરી ચૂક્યા છે, પરંતુ સરકાર તરફથી કોઈ પ્રતિસાદ મળ્યો નથી. ખેડૂત નેતા સર્વણ સિંહ પંઢેરે જણાવ્યું કે મુખ્યમંત્રીને એક મહિના અગાઉ માંગણીઓ અંગે પત્ર મોકલાયો હતો. ૩૧ ઓગસ્ટે ડેપ્યુટી કમિશનર કચેરી બહાર પણ વિરોધ થયો હતો. ખેડૂતો ભારત-અમેરિકા વેપાર કરાર, વીજળી સુધારા કાયદા અને બીજ સુધારા કાયદા અંગે સ્પષ્ટતા તથા શંભુ-ખનૌરી આંદોલન દરમિયાન થયેલા નુકસાનનું વળતર માંગે છે. આ ઉપરાંત મગ, મકાઈ અને બટાકા સહિત પાંચ પાક માટે લઘુતમ ટેકાના ભાવની કાનૂની ગેરંટીની પણ માંગ છે. સુનામમાં મંત્રીના નિવાસસ્થાન બહાર ત્રણ દિવસના ધરણાં બાદ ખેડૂતોએ જાખલ-લુધિયાણા રેલવે ટ્રેક પર પણ વિરોધ શરૂ કર્યો હતો. પોલીસ અને રેલવે તંત્ર પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે.

# અમેરિકાની ૧૦૦% ટેરિફની ધમકી વચ્ચે ભારતનો જવાબ : ૧.૪ અબજ લોકોની ઊર્જા સુરક્ષા માટે પ્રતિબધ્ધ

નવીદિલ્હી, તા.૧૭

રશિયા પાસેથી તેલ અને ગેસ ખરીદતા દેશો પર ૧૦૦ ટકા સુધીનો ટેરિફ લાદવાની સત્તા અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને આપતું બિલ અમેરિકી હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સે ૨૬૨-૧૫૯ મતથી પસાર કર્યું છે. બિલમાં ભારત અને ચીન જેવા રશિયન ઊર્જાના મોટા ખરીદદારોને અસર થવાની શક્યતા છે. જોકે, બિલ પોતે ભારત પર ૧૦૦ ટકા ટેરિફ લાદતું નથી, પરંતુ રાષ્ટ્રપતિને ચોક્કસ શરતો હેઠળ આ સત્તા



આપે છે. હવે બિલ ટ્રમ્પની સહી માટે મોકલવામાં આવ્યું છે.

ભારતીય વિદેશ મંત્રાલયે આ મામલે જણાવ્યું કે ભારત ૧.૪ અબજ લોકોની ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબધ્ધ છે. ભારત બદલાતી બજાર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વિવિધ સ્ત્રોતોમાંથી ઊર્જા મેળવવાનું ચાલુ રાખશે. મંત્રાલયે વધુમાં જણાવ્યું કે ભારત અને અમેરિકાના અધિકારીઓ વચ્ચે છેલ્લા કેટલાક મહિનાઓથી આ મુદ્દે ઉચ્ચસ્તરીય ચર્ચા થઈ છે. ભારતે સ્પષ્ટ કર્યું છે કે આવા પગલાંથી દ્વિપક્ષીય સંબંધો તેમજ આંતરરાષ્ટ્રીય ઊર્જા બજાર પર અસર પડી શકે છે.

ભારતે પોતાના વેપાર અને આર્થિક હિતોના રક્ષણ માટે જરૂરી પગલાં લેવાની પ્રતિબધ્ધતા પણ વ્યક્ત કરી છે. દરમિયાન, અમેરિકી કાયદા હેઠળ ટેરિફ લાગુ કરવાની સત્તા વાસ્તવમાં ઉપયોગમાં લેવાશે કે નહીં તે આગામી નિર્ણય પર નિર્ભર રહેશે.

### નેતાઓએ લાંબા આયુષ્યની કામના કરી

# પીએમ મોદીને જન્મદિવસે દેશ-વિદેશના નેતાઓએ શુભેચ્છા પાઠવી

નવીદિલ્હી, તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૬મા જન્મદિવસ નિમિત્તે દેશ-વિદેશના નેતાઓ અને વિવિધ ક્ષેત્રની જાણીતી હસ્તીઓએ તેમને શુભેચ્છા પાઠવી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ, ભાજપ અધ્યક્ષ નિતિન નવીન સહિત અનેક નેતાઓએ સોશિયલ મીડિયા પર




અભિનંદન પાઠવ્યા હતા. વિપક્ષના નેતાઓ રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે અને સપા પ્રમુખ અખિલેશ યાદવે પણ મોદીને જન્મદિવસની શુભેચ્છા આપી હતી.

અમિત શાહે મોદીના જાહેર જીવન અને રાષ્ટ્રસેવાના યોગદાનનો ઉલ્લેખ કરીને તેમને શુભેચ્છા પાઠવી હતી. રાજનાથ સિંહે પણ તેમના સારા સ્વાસ્થ્ય અને લાંબા આયુષ્યની કામના કરી હતી. ભાજપ અધ્યક્ષ નિતિન નવીને રાષ્ટ્રસેવા અને સમર્પણનો ઉલ્લેખ કરીને શુભેચ્છા પાઠવી હતી.ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ મોદીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. દરમિયાન, મોદીના જન્મદિવસ નિમિત્તે દેશના વિવિધ શહેરોમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ભાજપ દ્વારા ૧૭ સપ્ટેમ્બરથી 'સેવા સંકલ્પ અભિયાન' સહિત અનેક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. વિદેશથી પણ શુભેચ્છાઓ મળી છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને મોદીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી.

# ઓડિશામાં છ અલગ-અલગ ઘટનાઓમાં ૧૨ લોકોના ડૂબી જવાથી થયા મોત


કટક,તા.૧૭

ઓડિશામાં બુધવારે છ અલગ-અલગ ઘટનાઓમાં નદી અને અન્ય જળાશયોમાં ડૂબી જવાથી ૧૨ લોકોના મોત થયા હતા. મૃતકોમાં છ બાળકોનો પણ સમાવેશ થાય છે. પોલીસના જણાવ્યા મુજબ, મોટાભાગના અકસ્માતો ગણેશ પ્રતિમા વિસર્જન દરમિયાન બન્યા હતા. આ ઘટનાઓ જગતસિંહપુર, સુંદરગઢ, ગંજામ, ભદ્રક અને કોરાપુટ સહિતના જિલ્લાઓમાં બની હતી. જગતસિંહપુર જિલ્લામાં ગણેશ પ્રતિમા વિસર્જન દરમિયાન ચાર યુવકો નદીના તેજ પ્રવાહમાં તણાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં ફાયર સર્વિસની ટીમે શોધખોળ હાથ ધરી ચારેય યુવકોના મૃતદેહ બહાર કાઢ્યા હતા.









# સાવરકુંડલા GIDCના વિકાસને લઈ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની બેઠક

સાવરકુંડલા, તા.૧૭

સાવરકુંડલા-લીલીયા વિસ્તારમાં મંજૂર થયેલી GIDCના સુચારુ વિકાસ માટે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની અધ્યક્ષતામાં વિવિધ એસોસિએશનના હોદ્દેદારો તથા GIDCના અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં ઉદ્યોગોના વિકાસ માટે જરૂરી પાયાની સુવિધાઓ, માળખાકીય વ્યવસ્થા, રસ્તા સહિતના વિકાસકાર્યો અને ઉદ્યોગકારોની સ્થાનિક જરૂરિયાતો અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. સ્થાનિક ઉદ્યોગકારોના પ્રશ્નો અને સૂચનો સાંભળી GIDCના વિકાસકાર્યો ઝડપથી આગળ વધે તે અંગે ચર્ચા કરાઈ હતી. સંબંધિત અધિકારીઓને ઉદ્યોગકારોની મુશ્કેલીઓનું યોગ્ય નિરાકરણ લાવવા તેમજ જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સૂચના આપવામાં આવી હતી.



# ધારી-ખાંભા રોડ પર ઈકો સાથે અકસ્માત થતા બાઈકચાલક ગંભીર

ધારી,તા.૧૭

ધારી પંથકમાં ધારી-ખાંભા રોડ પર ઈકો કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા થોડા સમય માટે અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. અકસ્માતમાં બાઈકચાલકને ઈજા પહોંચતા આસપાસના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સ્થાનિક સેવાભાવી યુવાનો પણ સ્થળ પર પહોંચી ઈજાગ્રસ્તને મદદ કરી હતી. ત્યારબાદ સ્થાનિકોની મદદથી બાઈકચાલકને સારવાર માટે ધારી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં ધારી પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી અને અકસ્માત અંગે પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. ધારી-ખાંભા રોડ પર કોઈ કારણોસર ઈકો કાર અને બાઈક વચ્ચે અથડામણ થઈ હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માત કયા સંજોગોમાં સર્જાયો અને તેની પાછળનું ચોક્કસ કારણ શું છે તે અંગે પોલીસ દ્વારા વધુ તપાસ કરવામાં આવી રહી છે. હાલ ઈજાગ્રસ્ત બાઈકચાલકની ધારી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર ચાલી રહી છે. પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ સમગ્ર ઘટનાની હકીકત સામે આવશે.



તસવીર : સંજય વાળા

# નાગનાથ યુવક મંડળ દ્વારા ગણપતિ ઉત્સવની ઉજવણી

અમરેલી, તા.૧૭

અમરેલીના નાગનાથ મંદિર પટાંગણ ખાતે નાગનાથ યુવક મંડળ દ્વારા આયોજિત સાર્વજનિક ગણપતિ ઉત્સવના ૧૨૭મા વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે આજે સાંજે મુખ્ય ગણપતિ દાદાની મૂર્તિની મહાઆરતીનું આયોજન કરાયું હતું. આ મહાઆરતી મૂર્તિના દાતા કપિલભાઈ જાની પરિવારના વરદ હસ્તે કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમમાં ભાવિકો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ અંગે રાજનભાઈ જાનીની યાદીમાં જણાવાયું હતું.



# પીએમ મોદીના જન્મદિને બગસરામાં યુવા ભાજપ દ્વારા ભવ્ય રક્તદાન કેમ્પ યોજાયો

બગસરા,તા.૧૭

બગસરા તાલુકા તેમજ શહેર યુવા ભાજપ દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૬મા જન્મદિવસ નિમિત્તે બગસરાના સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારી-બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડિયા તેમજ અમરેલી જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ મહાવીરબાપુ સહિત બગસરા તાલુકા અને શહેર ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો, કાર્યકરો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. રક્તદાન કેમ્પ દરમિયાન મોટી સંખ્યામાં યુવાનો તથા કાર્યકર્તાઓએ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું હતું. સેવાકીય અભિયાનમાં જોડાઈ રક્તદાતાઓએ રક્તદાન મહાદાનનો સંદેશ સાર્થક કર્યો હતા.



# સા.કુંડલા કાણકિયા કોલેજમાં કારકિર્દી માર્ગદર્શન સેમિનાર

સાવરકુંડલા, તા.૧૭

સાવરકુંડલાની વી.ડી. કાણકિયા આર્ટસ અને એમ.આર. સંઘવી કોમર્સ કોલેજ ખાતે ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ માટે ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરિયર ગાઈડન્સ સેમિનાર યોજાયો હતો. અમરેલી-રાજકોટ રોજગાર વિનિમય કચેરીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા સેમિનારમાં હમીરભાઈ ચૌહાણે વિદેશમાં અભ્યાસ, રોજગાર, વિઝા, પાસપોર્ટ અને એજ્યુકેશન લોન અંગે માર્ગદર્શન આપ્યું હતું. વિદેશ મોકલવાના નામે થતા ફ્રોડથી સાવચેત રહેવા પણ જણાવ્યું હતું.



## બગસરામાં સામુદ્રી માતાજીનો પાટોત્સવ ઉજવાયો



તસવીર : મયુર પંડ્યા

બગસરા ખાતે ભાદરવા સુદ-૬ના દિને સામુદ્રી માતાજીના પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતુ. દશા સોરઠીયા,કપોળ વણિક અને કંડોળીયા બ્રાહ્મણના કુળદેવી સામુદ્રી માતાજીના મંદિરે હવન અને બીડુ હોમાત્મક કરાયું હતુ. જેમાં બહોળી સંખ્યામાં ભાવિકો હાજર રહ્યાં હતા.

# સા.કુંડલા મહિલા કોલેજમાં 'સેવા અને સમર્પણ' કાર્યક્રમ

સાવરકુંડલા, તા.૧૭

સાવરકુંડલા શહેરની વી.ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજમાં 'સેવા અને સમર્પણ' કાર્યક્રમ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ તથા સમૂહ સફાઈ અભિયાન યોજાયું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને દીપ પ્રાગટ્યથી થઈ હતી. એનએસએસ વિભાગ દ્વારા કેમ્પસમાં સફાઈ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. કાર્યકારી આચાર્ય ડી.એલ. ચાવડાના સંકલન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં કોલેજ સ્ટાફ અને વિદ્યાર્થીનીઓ જોડાયા હતા. અંતે અલ્પાહારનું વિતરણ કરાયું હતું.



# બગસરામાં ભત્રીજીઓએ કાકાની અંતિમયાત્રાને કાંધ આપી

બગસરા, તા.૧૭

બગસરામાં બ્રહ્મ સમાજના કારોબારીના પૂર્વ સદસ્યના ભાઈ કિરીટભાઈ રમણીકભાઈ ત્રિવેદી (ઉંમર ૬૩)નું અચાનક હૃદયરોગના હુમલાથી નિધન થયું હતું.

કિરીટભાઈ અપરિણીત હતા અને પોતાના ભાઈ સાથે રહેતા હતા. ગત રોજ તેઓ રસોઈ કરી રહ્યા હતા ત્યારે અચાનક તબિયત લથડતાં રસોડામાં જ તેમનું નિધન થયું હતું. આ ઘટનાથી બ્રહ્મ સમાજમાં શોકની લાગણી ફેલાઈ હતી. આજે સવારે તેમની અંતિમયાત્રા યોજાઈ હતી. સંતાન ન હોવાથી તેમના ભાઈની પાંચ દીકરીઓ શીતલબેન, રૂપલબેન, નિમિષાબેન, નિશાબેન અને રિદ્ધિબેને ભીંજાતી આંખે કાકાની અંતિમયાત્રાને કાંધ આપી હતી. ભત્રીજીઓએ કાકાની અંતિમવિધિમાં પુત્રની જવાબદારી નિભાવી સમાજમાં 'દીકરો અને દીકરી એક સમાન'નો પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો.



તસવીર : હાર્દિક બામટા

# સા.કુંડલામાં ગૌચર જમીન વનવિભાગને આપવા સામે માલધારી સમાજનો વિરોધ

સાવરકુંડલા, તા. ૧૭

સાવરકુંડલા શહેર સમસ્ત માલધારી સમાજ દ્વારા સાવર સામા પાદર ગામની ગૌચરની જમીન વન વિભાગને વનીકરણ અને નર્સરી માટે ફાળવવાના નગરપાલિકાના નિર્ણય સામે વિરોધ નોંધાવી મામલતદારને આવેદનપત્ર પાઠવાયું હતું. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ સર્વે નંબર ૪૫૨/૧ પૈકીની ગૌચરની ૪૦૭-૭૩-૫૦ ચો.મી. જમીનમાંથી ૧૫-૦૦-૦૦ ચો.મી. જમીન વન વિભાગને ફાળવવા સંમતિ આપવામાં આવી છે. માલધારી સમાજે આક્ષેપ કર્યો હતો કે, સમાજને વિશ્વાસમાં લીધા વિના નિર્ણય લેવાયો છે. ગૌચર પર અનેક માલધારી પરિવારો પશુધન સાથે નભે છે. તેથી ઠરાવ રદ કરી ગૌચર જમીન પશુઓ માટે અનામત રાખવાની માંગ કરાઈ હતી. માંગ નહીં સ્વીકારાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી અપાઈ હતી.



તસવીર : સૌરભ દોશી

# દિલીપભાઈ સંઘાણીની ICAના બોર્ડ ડાયરેક્ટર તરીકે વરણી લીલીયામાં ઉજવણી કરાઈ

લીલીયા,તા.૧૭

સહકાર ક્ષેત્રે ગુજરાતનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે રોશન કરનાર દિલીપભાઈ સંઘાણીની ઈન્ટરનેશનલ કો-ઓપરેટિવ એલાયન્સ (ICA)ના બોર્ડ ડાયરેક્ટર તરીકે પસંદગી થતાં લીલીયા મોટામાં ખુશીનો માહોલ છવાયો હતો. આ સિદ્ધિની ખુશીમાં પ્રગતિ સેવિંગ્સ એન્ડ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી લિ. દ્વારા લીલીયા મોટામાં આવેલા 'દિલીપ સંઘાણી સહકાર ભવન' ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સોસાયટીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તેમજ સામાજિક આગેવાનોની હાજરીમાં ફટાકડા ફોડી અને એકબીજાને શુભેચ્છા પાઠવી ખુશી વ્યક્ત કરવામાં આવી હતી. દિલીપભાઈ સંઘાણીની આ આંતરરાષ્ટ્રીય વરણીને લીલીયા મોટા સહિત સમગ્ર સહકારી ક્ષેત્ર માટે ગૌરવની બાબત ગણાવવામાં આવી હતી.




Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




# મહેશ કસવાળાના પ્રયાસોથી લીલીયા મોટા ખાતે સ્નાન ઘાટ મંજૂર

લીલીયા,તા.૧૭

લીલીયા મોટા ખાતે આવેલ સ્મશાનગૃહમાં નગરજનોની લાંબા સમયથી જરૂરી એવી સ્નાન ઘાટની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે નગરજનો દ્વારા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને ટેલિફોનિક રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતને પગલે ધારાસભ્ય દ્વારા રૂ.૩ લાખની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવતા નગરજનોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, તાલુકા ભાજપ પ્રમુખ આનંદ ધાનાણી અને જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજના પ્રયાસોથી સ્મશાનગૃહમાં સ્નાન ઘાટની સુવિધા સાકાર થઈ છે.

આ લોકઉપયોગી સુવિધા ઉપલબ્ધ કરાવવા બદલ બજરંગ સેવા સંસ્થાન તથા લીલીયા શહેરના નગરજનોએ ધારાસભ્ય સહિત તમામ આગેવાનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.



## પોલીસે ફરિયાદ નોંધાવવા ગુગલ ફોર્મ લોન્ચ કર્યું, ફરિયાદ કરવા અપીલ

# અમરેલી પોલીસે રૂ. ૬૩૫ સ્કીમ કૌભાંડમાં વધુ એક આરોપીની ધરપકડ કરી

અમરેલી,તા.૧૭

અમરેલીમાં રૂ. ૬૩૫ કરોડના પોંજી સ્કીમ કૌભાંડની તપાસમાં પોલીસને વધુ સફળતા મળી છે. અમરેલી સાયબર ક્રાઈમની એસઆઈટી ટીમે મુખ્ય આરોપી ધવલ પટેલ અને હિરેન શાહ બાદ હવે મહારાષ્ટ્રના રહેવાસી ભાવેશ ધાનેચાની પણ ધરપકડ કરી છે. ભાવેશ ધાનેચા રોકાણકારો સાથે ઓનલાઈન ઝૂમ મીટિંગ કરીને તેમનો વિશ્વાસ જાળવી રાખવાનું કામ કરતો હોવાની પોલીસ તપાસમાં વિગતો સામે આવી છે. તેની પૂછપરછ દરમિયાન કૌભાંડને લગતા કેટલાક નવા ખુલાસા થયા હોવાનું જાણવા મળ્યું છે. એસઆઈટી ટીમ દ્વારા હાલ કૌભાંડની તપાસ અલગ અલગ દિશામાં હાથ ધરવામાં આવી રહી છે.પોલીસના જણાવ્યા મુજબ, આ સમગ્ર કૌભાંડમાં અત્યાર સુધીમાં કુલ નવ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા આરોપીઓ પૈકી હજુ સુધી એક પણ આરોપીને જામીન મળ્યા નથી. તપાસ આગળ વધતા કૌભાંડમાં સંડોવણી હોવાની શંકા ધરાવતા વધુ ૧૧ લોકોના નામ પણ પોલીસના ધ્યાને આવ્યા છે. પોલીસે આ તમામ શંકાસ્પદ વ્યક્તિઓની ભૂમિકા અંગે તપાસ શરૂ કરી છે અને હાલ તેઓ ફરાર હોવાનું જણાવાયું છે.પોલીસ તપાસમાં સામે આવેલા શંકાસ્પદ આરોપીઓમાં નરેન્દ્રસિંહ શંભુજી સોલંકી, મુકેશ ઘનશ્યામ લોધી, સંતોષ કનૈયાલાલ પાઠક, નારાયણ અશોક કાંગે, દિલીપ ચતુર રાવલ, ચિરાગ બાબુ રાવલ, પ્રકાશ બચુ અધારા, કાંતિલાલ બચુ ભેંસદડીયા, પંકજ પટેલ અને દિપકના નામનો સમાવેશ થાય છે. પોલીસે આ તમામ વ્યક્તિઓ અંગે વધુ વિગતો એકત્રિત કરવાની કાર્યવાહી હાથ ધરી છે. કૌભાંડ સાથે સંકળાયેલા અન્ય લોકોની ભૂમિકા પણ તપાસવામાં આવી રહી છે. દરમિયાન કૌભાંડમાં રોકાણકારોની સંખ્યા સતત વધતી જતાં અમરેલી પોલીસે ભોગ બનનાર લોકોની વિગતો મેળવવા માટે ગૂગલ ફોર્મ જાહેર કર્યું છે. આ ફોર્મ અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી એમ ત્રણ ભાષામાં ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. પોલીસે કૌભાંડમાં


ધવલ પટેલ | હિરેન શાહ | ભાવેશ ધાનેચા

નાણાં ગુમાવનાર અથવા આ સ્કીમમાં રોકાણ કરનાર લોકોને સામે આવી પોતાની વિગતો નોંધાવવા અપીલ કરી છે. ગૂગલ ફોર્મમાં અરજદારનું નામ, સરનામું, મોબાઈલ નંબર, ઈમેલ આઈડી, અભ્યાસ અને વ્યવસાય સહિતની વ્યક્તિગત વિગતો માંગવામાં આવી છે. આ ઉપરાંત બેંક સંબંધિત માહિતી પણ આપવાની રહેશે. રોકાણકારોએ એસડી પે અને અપના પેમાં કરેલા રોકાણની રકમ, અત્યાર સુધીમાં ઉપાડેલી રકમ અને એસડી પે વોલેટમાં હાલમાં રહેલી રકમ અંગે પણ માહિતી આપવાની રહેશે. સાથે જ જે એજન્ટ અથવા અપલાઈન મારફતે રોકાણ કરવામાં આવ્યું હોય તેની વિગતો પણ પોલીસને આપવાની રહેશે. આ ઉપરાંત વ્યવહાર કયા માધ્યમથી કરવામાં આવ્યો હતો તેની માહિતી, આધારકાર્ડ તથા અન્ય જરૂરી દસ્તાવેજોની પીડીએફ પણ ફોર્મમાં રજૂ કરવાની રહેશે. રોકાણકારો પાસે રહેલા વ્યવહારના પુરાવા, વોલેટ બેલેન્સ અને અન્ય વિગતોના સ્ક્રીનશોટ પણ દસ્તાવેજો સાથે રજૂ કરવા જણાવાયું છે. પોલીસ દ્વારા એકત્રિત કરવામાં આવતી આ માહિતીના આધારે કૌભાંડમાં સંડોવાયેલા લોકો અને નાણાકીય વ્યવહારોની કડી શોધવામાં મદદ મળશે. એસડી પે એપ્લિકેશન અંગેની તપાસમાં પણ પોલીસને મહત્વની વિગતો મળી છે. પોલીસ તપાસ દરમિયાન સામે આવ્યું છે કે એક આરોપીએ પોતાની રેફરલ લિંક મારફતે પ્રથમ લેવલમાં ૨૭૧ લોકોને રોકાણ કરાવ્યું હતું. ત્યારબાદ અલગ અલગ લેવલની રેફરલ સિસ્ટમ મારફતે આ નેટવર્કનો વ્યાપ વધતો ગયો હતો અને અંદાજે દોઢથી પોણા બે લાખ લોકો સુધી પહોંચ્યો હોવાનું તપાસમાં સામે આવ્યું છે. બીજી તરફ એપ્લિકેશન સ્ટોર પર કરવામાં આવેલી તપાસ દરમિયાન એસડી પે એપ સાથે ૧૦ લાખથી વધુ યુઝર્સ જોડાયેલા હોવાનું પણ પોલીસના ધ્યાને આવ્યું છે.આ કૌભાંડમાં રેફરલ સિસ્ટમની ભૂમિકા મહત્વની હોવાનું પોલીસ તપાસમાં સામે આવી રહ્યું છે. એક વ્યક્તિ દ્વારા અન્ય લોકોને રોકાણ માટે જોડવામાં આવતા અને ત્યારબાદ નવા રોકાણકારો આગળના લેવલમાં જોડાતા હોવાનું જાણવા મળ્યું છે. આ રીતે રેફરલના અલગ અલગ સ્તર ઊભા થતાં રોકાણકારોનું નેટવર્ક ખૂબ મોટું બન્યું હોવાનું તપાસમાં સામે આવ્યું છે. પોલીસ હવે આ નેટવર્ક સાથે જોડાયેલા એજન્ટો અને વિવિધ લેવલના લોકોની ભૂમિકા તપાસી રહી છે.પોલીસ દ્વારા કૌભાંડમાં સંડોવાયેલા આરોપીઓ ઉપરાંત અલગ અલગ લેવલના એજન્ટોની મિલકત અંગે પણ તપાસ હાથ ધરવામાં આવશે. તપાસ દરમિયાન જે વ્યક્તિઓએ આ સ્કીમના માધ્યમથી પોતાના રોકાણ કરતાં વધારે રકમ કમાઈ હોવાનું સામે આવશે, તેમની સંપત્તિ અને નાણાકીય વ્યવહારોની પણ તપાસ કરવામાં આવશે. કૌભાંડમાંથી મળેલી રકમ ક્યાં ગઈ અને કોના મારફતે તેની હેરફેર થઈ તે અંગે પણ પોલીસ તપાસ કરી રહી છે. રૂ. ૬૩૫ કરોડના આ કૌભાંડમાં રોકાણકારોની સંખ્યા અને નાણાકીય વ્યવહારો અંગેની વિગતો સતત સામે આવી રહી હોવાથી એસઆઈટી દ્વારા તપાસનો વ્યાપ વધારવામાં આવ્યો છે. ફરાર શંકાસ્પદ આરોપીઓની શોધખોળ ઉપરાંત એપ્લિકેશન સાથે સંકળાયેલા એજન્ટો, રેફરલ નેટવર્ક અને રોકાણકારોના નાણાકીય વ્યવહારોની તપાસ કરવામાં આવી રહી છે. ગૂગલ ફોર્મ મારફતે મળનારી ફરિયાદો અને દસ્તાવેજોના આધારે કૌભાંડમાં સંડોવાયેલા વધુ લોકો તથા નાણાકીય વ્યવહારો અંગે મહત્વની કડીઓ મળી શકે તેવી શક્યતા છે.

### કૌભાંડનો મુખ્ય આરોપી ધવલ પટેલ ઓસ્ટ્રેલીયા રહેતો હતો : એસ.પી

એસપીએ જણાવ્યું કે, એપનો મૂળ વિચાર ધવલ પટેલનો હતો. ધવલ પટેલ અગાઉ ઓસ્ટ્રેલીયામાં રહેતો હતો અને ત્યાં તેમજ સિંગાપુરમાં વિવિધ સ્થળોએ અનેક સેવાઓ એક જ એપ્લિકેશન મારફ્તે ઉપલબ્ધ કરાવવાની રીત જોઈ હતી. તેના આધારે એપ્લિકેશન તૈયાર કરવામાં આવી હતી. જોકે, એપ્લિકેશનના અભ્યાસ દરમિયાન સામે આવ્યું કે, અલગ-અલગ સેવાઓ પૂરી પાડવાના નામે લોકોને રોકાણ કરાવી રેફ્રલ પોઈન્ટ્સ આપવાની કામગીરી કાયદાની વિરુદ્ધ છે. કંપની ડેવલપ થયા બાદ ધવલ પટેલના મુખ્ય સાથીદાર તરીકે નરેન્દ્રસિંહ સોલંકીએ માર્કેટિંગની જવાબદારી સંભાળી હતી. આ કામગીરી મારફ્તે ૧૨ લાખ લોકો સુધી પહોંચવામાં તેની મહત્વની ભૂમિકા રહી હોવાનું પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે. નરેન્દ્રસિંહ સોલંકી હાલ વોન્ટેડ છે.

### રોકાણકારોને ગેરમાર્ગે દોરતા ફોનથી સાવચેત રહેવા પોલીસની અપીલ

પોલીસે જાહેર જનતાને અપીલ કરી છે કે, રોકાણ કરાવનાર એજન્ટ અથવા તેના ઉપરી દ્વારા ઝૂમ મીટિંગ, ઓડિયો કોલ કે રેર્કોડિંગ મારફ્તે સિસ્ટમ ચાર-પાંચ મહિનાથી બંધ છે અને આજે કે કાલે શરૂ થશે તેવી વાત કરવામાં આવે તો તેના પર વિશ્વાસ ન કરવો. આવા સંજોગોમાં નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરેલી જિલ્લા પોલીસનો તાત્કાલિક સંપર્ક કરવા અપીલ કરાઈ છે.

### સાત કંપનીઓના ૧૮ બેંક ખાતામાં રૂ.૧૫૯૮ કરોડની હેરફેર

લોકો પાસેથી મેળવેલા નાણાંની હેરફેર કરવા આરોપીઓએ સાત જેટલી કંપનીઓ ઊભી કરી હતી. આ કંપનીઓના નામે અલગ-અલગ બેંકોમાં ૧૮ જેટલા ખાતાઓનો ઉપયોગ થયો હતો, જેમાં અંદાજે રૂ.૧૫૯૮ કરોડ જમા થયાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. **NCCRP** પોર્ટલની તપાસમાં આ ૧૮ ખાતાઓ સામે કુલ ૧૯૫ સાયબર ફ્રોડની ફરિયાદો મળી આવી છે. ઉપરાંત, છ આરોપીઓના અન્ય ૩૫થી ૪૦ બેંક ખાતા પણ મળી આવ્યા છે.

## અત્યાર સુધીમાં ૯ આરોપીની ધરપકડ, જયારે ૧૧ પકડવાના બાકી

# અમરેલી જિલ્લામાં એક મહિનાનો સ્વચ્છતા મહોત્સવ યોજાશે

અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લામાં તા. ૧૭ સપ્ટેમ્બરથી તા. ૧૭ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી એક મહિના માટે 'સેવા સંકલ્પ અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું છે. અભિયાન અંતર્ગત જિલ્લામાં વિવિધ સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં જાહેર સ્થળો, શાળાઓ, કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓ તથા સરકારી કચેરીઓમાં સ્વચ્છતા ઝુંબેશ યોજાશે.જનભાગીદારી વધારવા માટે 'સ્વચ્છ પાઠશાળા', 'સફાઈ મિત્ર સુરક્ષા અને સન્માન શિબિર' સહિત વિવિધ કાર્યક્રમો યોજાશે. તેમજ નક્કી કરાયેલા ટારગેટ યુનિટોની વિશેષ સફાઈ કરવામાં આવશે. અભિયાન અંતર્ગત તા. ૧ ઓક્ટોબરે સવારે ૮ થી ૯ વાગ્યા સુધી ''એક દિન, એક ઘંટા, એક સાથ''ના સૂત્ર સાથે સામૂહિક શ્રમદાન યોજાશે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નાગરિકો, સામાજિક સંસ્થાઓ અને યુવાનોને શ્રમદાનમાં જોડાઈ સ્વચ્છતા અભિયાનને સફળ બનાવવા અપીલ કરવામાં આવી છે. સ્વચ્છતા જાળવીને રોગચાળો અટકાવવા અને સ્વસ્થ વાતાવરણનું નિર્માણ કરવાનો પણ પ્રયાસ કરવામાં આવશે.

# પ્રતાપપરા ગામેથી કતલખાને ધકેલાતી ૮ ભેંસો બચાવાઈ

અમરેલી, તા. ૧૭

અમરેલીના પ્રતાપપરા ગામેથી કતલખાને ધકેલાતી ૮ ભેંસો બચાવાઈ હતી. આરોપી રિયાજભાઈ હુશેનભાઈ કાલવા (ઉ.વ.૨૭) કતલ કરવાના ઈરાદે પોતાના ટ્રકમાં આઠ ભેંસોને કોઈપણ પ્રકારના ઘાસચારા કે પાણીની સગવડ વગર ખીચોખીચ ભરીને લઈ જતો ઝડપાયો હતો. પોલીસે ભેંસો તથા ટ્રક સહિત રૂ. ૬,૦૦,૦૦૦નો મુદામાલ જપ્ત કર્યો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. એમ. એન. જાદવ વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલામાં ભાવભેર સંવત્સરી પર્વની ઉજવણી કરાઈ

સાવરકુંડલા,તા.૧૭

સાવરકુંડલામાં પર્યુષણ મહાપર્વની અંતિમ અને મહત્વપૂર્ણ આરાધના એવા સંવત્સરી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. શહેરના વિવિધ જૈન સંઘોમાં શ્રાવક-શ્રાવિકાઓએ સંવત્સરી પ્રતિક્રમણ કરી આત્મચિંતન અને પ્રાયશ્ચિત્ત સાથે ક્ષમાધર્મની આરાધના કરી હતી. દેરાવાસી જૈન સંઘ ખાતે સાધ્વીજી મહારાજ તત્વદર્શિતાશ્રીજી મહારાજના માર્ગદર્શન હેઠળ સંવત્સરી પ્રતિક્રમણ યોજાયું હતું. જ્યારે સ્થાનકવાસી જૈન સંઘ ખાતે મહાસતીજી વિશાખાબાઈ સ્વામીજીના સાનિધ્યમાં સંવત્સરી પ્રતિક્રમણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત લોકાગચ્છ જૈન સંઘ તેમજ જૈન બોર્ડિંગ ખાતે પણ સંવત્સરીના દિવસે પ્રતિક્રમણ યોજાયું હતું. પ્રતિક્રમણ બાદ સૌએ પરસ્પર 'મિચ્છામિ દુક્કડમ' પાઠવી એકબીજા પ્રત્યે થયેલી જાણ-અજાણની ભૂલો બદલ ક્ષમાયાચના કરી હતી. સાવરકુંડલામાં આ વર્ષે કુલ ૧૧ અઠ્ઠાઈ તપની આરાધના થઈ હતી. જેમાં બોર્ડિંગના નવ વિદ્યાર્થીઓ તેમજ દેરાવાસી જૈન સંઘના બે આરાધકોએ અઠ્ઠાઈ તપની કઠિન આરાધના કરી હતી.


તસવીર : સૌરભ દોશી

### અવસાન નોંધ

**બગસરા**

બગસરા નિવાસી શ્રીમાળી બ્રાહ્મણ કિરીટકુમાર રમણીકભાઇ ત્રિવેદી ઉંમર વર્ષ ૬૩ તે સ્વ. પ્રકાશભાઈ, સ્વ. જગદીશભાઈ રાજુભાઇ, દીપકભાઈ તેમજ જયેશભાઇના નાના ભાઈ તેમજ કૌશિકભાઈ, નિશિતભાઈ તથા મયુરભાઈ ના કાકાનું તા. ૧૭ ને ગુરૂવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.સદ્ગતનું બેસણું તેમજ ઉઠમણું તા. ૧૮ ને શુક્રવાર સાંજે ૪ થી ૬ રાધે શ્યામ ધૂન મંડળ, તિરૂપતિ નગર ખાતે રાખેલ છે.


શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ અમરેલી
ત્રિમાસિક ફી અથવા છમાસિક ફી ભરવાની છૂટ
★ KG થી PG સ્કૂલ કોલેજ હોસ્ટેલ માં પ્રવેશ લેતી વખતે ત્રિમાસિક અથવા છમાસિક ફી ભરવાની છૂટ રહેશે. • તેમજ સમગ્ર વર્ષ દરમિયાન રેગ્યુલર ફી પણ ત્રિમાસિક અથવા છમાસિક ભરી શકાશે.
★ A1 ગ્રેડ ને રૂા. ૧૦૦/– પ્રવેશ ફી ભરીને સ્કૂલ – કોલેજમાં પ્રવેશ મળશે. – A2 ગ્રેડને ત્રિમાસિક ફી ભરીને પ્રવેશ મળશે.
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ અમરેલી
સ્થળ:– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી
Ad141




















# અમરેલીમાં જમીન અને ભંગારના સોદામાં વેપારી સાથે કરોડોની છેતરપિંડી

**હાલ સુરત રહેતા મૂળ પીઠવડીના બે યુવક સામે ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા.૧૭

અમરેલી પંથકમાં મિલકત અને માલસામાનના નામે મોટી છેતરપિંડીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં બે શખ્સોએ મળીને કુલ રૂ. ૬,૭૨,૫૦,૦૦૦ની ઠગાઈ આચરી હોવાની ફરિયાદ નોંધાઈ છે. હાલ મુંબઈ રહેતા મૂળ અમરેલીના હેમેન્દ્રભાઈ રતિલાલ મહેતા (ઉ.વ.૮૨)એ હાલ સુરત રહેતા મૂળ સાવરકુંડલાના પીઠવડી ગામના હાર્દિક વિપુલભાઈ મહેતા અને ભવદિક વિપુલભાઈ મહેતા સામે ફરિયાદ નોંધાવી છે.પ્રાપ્ત વિગતો અનુસાર હાર્દિક મહેતાએ ફરિયાદીના પાવર ઓફ એટર્ની (કુલમુખત્યાર) તરીકે રહીને અમરેલી તાલુકાના ફતેપુર ગામે સાવરકુંડલા રોડ પર રે.સ.નં. ૩૨/૨ પૈકીની જમીનમાં રહેલો તેમની માલિકીનો પતરાં, લોખંડ અને એંગલ ગર્ડર સહિતનો ભંગાર ૧૭ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ રૂ. ૮૦,૦૦,૦૦૦માં વેચ્યો હતો. આ રકમમાંથી આરોપીએ ફરિયાદીને માત્ર રૂ. ૧૦,૦૦,૦૦૦ ચૂકવી બાકી નીકળતા રૂ. ૭૦,૦૦,૦૦૦ આજદિન સુધી ન ચૂકવી વિશ્વાસઘાત કર્યો હતો. બીજી તરફ, ભવદિક વિપુલભાઈ મહેતાએ અમરેલીના ચિત્તલ રોડ સ્થિત રે.સ.નં. ૩૭/૨, પ્લોટ નં. ૧૨-૧૩-૨૬-૨૭ (કુલ ક્ષેત્રફળ ૧૩૯૧.૩૦ ચોરસ મીટર) વાળી ચાર માળનું ચણતર ધરાવતી સૂચિત રહેણાંક હેતુની કિંમતી મિલકત રૂ.૬,૦૦,૦૦,૦૦૦માં ખરીદવાનું નક્કી કર્યું હતું. આરોપીએ ફરિયાદી પાસેથી ગિફ્ટ ડીડ મારફતે દસ્તાવેજ કરાવી લીધા બાદ રૂપિયા ચૂકવી આપવાની ખાતરી આપી પ્રોમિસરી નોટ અને નોટરી સમક્ષ સમજૂતી કરાર કરી આપ્યા હતા.

જોકે, ત્યારબાદ નક્કી થયેલી રૂ. ૬ કરોડની રકમ આપી નહોતી.આટલું જ નહીં, ભવદિક વિપુલભાઈ મહેતાએ ૨૯ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ગિફ્ટ ડીડનો દસ્તાવેજ છોડાવવાના બહાને ફરિયાદી પાસેથી વધુ રૂ. ૨,૫૦,૦૦૦ રોકડા પડાવી લીધા હતા. આમ, બંને આરોપીઓએ પોતાની કાયદેસરની ચૂકવણી કરવાની જવાબદારી હોવા છતાં ફરિયાદીને નાણાં ન ચૂકવી, એકબીજાના મેળાપીપણામાં કુલ રૂ. ૬,૭૨,૫૦,૦૦૦ની રકમ ચાઉં કરી જઈ છેતરપિંડી આચરી હતી. આ સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. આર.ડી. કુવાડિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી શહેરમાં માતા વિશે અપશબ્દો કહી છરીના ઘા માર્યા

**ગાળો બોલી ઢીકાપાટુનો માર પણ માર્યો**

અમરેલી, તા.૧૭

અમરેલીમાં રહેતા જીતુભાઈ ભીમાભાઈ પરમારે સાગરભાઈ વિનુભાઈ, સાગરભાઈનો ભાઈ અને બાપુજી એમ ત્રણ લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, સાગરભાઈએ અપશબ્દો કહ્યા હતા તેમ કહેવાની જીતુભાઈએ ના પાડી હતી.

જેથી આરોપીએ પોતાની પાસે રહેલી ધારદાર તીક્ષ્ણ છરી વડે ડાબા હાથના ભાગે, ડાબા થાપા પર, વાંસાના ભાગે અને જમણા નેણ પર છરીના ઘા મારી જીવલેણ ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જેમાં ઈજાગ્રસ્તને શરીરે કુલ એકત્રીસ ટાંકા આવ્યા હતા. આરોપીઓએ ગાળો આપી ઢીકાપાટુનો માર પણ માર્યો હતો તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. એસ.બી. સૈયદ વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલા ખાતે એચ. બી. સંઘવી મહિલા કોલેજમાં હિન્દી દિવસની ઉજવણી

રાજુલા,તા.૧૭



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજમાં હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. રાષ્ટ્રભાષાના પ્રચાર-પ્રસાર માટે નિબંધ લેખન સ્પર્ધા યોજાઈ હતી. આચાર્ય ડૉ. રીટાબેન રાવળે હિન્દી દિવસનું મહત્વ સમજાવ્યું હતું. સ્પર્ધામાં સોલંકી ખુશીબેન તથા વાઘ આરતીબેન સંયુક્ત રીતે પ્રથમ રહ્યા હતા.

વિજેતાઓને રવિભાઈ વ્યાસ, બાલકૃષ્ણભાઈ ત્રિવેદી અને ડૉ. જીગ્નેશભાઈ વાજાએ અભિનંદન પાઠવ્યા હતા.

# ચલાલાની રક્ષા શક્તિ ગર્લ્સ સ્કૂલમાં શિક્ષક દિવસની ઉજવણી કરાઈ

અમરેલી,તા.૧૭



ચલાલા ખાતે આવેલી રક્ષા શક્તિ ગર્લ્સ સ્કૂલમાં તા. ૫ સપ્ટેમ્બરે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મદિન નિમિત્તે શિક્ષક દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. પ.પૂ. સંત ડૉ. રતિદાદાના આશીર્વાદ અને ભારતભૂષણ મહેશભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓએ એક દિવસ માટે શિક્ષકની ભૂમિકા નિભાવી હતી. વિદ્યાર્થિનીઓએ વિવિધ વર્ગોમાં પિરિયડ લઈને શિસ્ત જાળવી હતી અને શાળામાં સુંદર શૈક્ષણિક વાતાવરણ ઊભું કર્યું હતું. આ ઉપરાંત આચાર્ય, ક્લાર્ક સહિતની વિવિધ જવાબદારીઓ સંભાળી શાળાનું સંચાલન કરવાનો અનુભવ મેળવ્યો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ભારતભૂષણ મહેશભાઈ મહેતા, ડાયરેક્ટર શીતલબેન મહેતા સહિત સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# બગસરામાંથી પાંચ પત્તાપ્રેમી રોકડ રકમ સાથે ઝડપાયા

બગસરા, તા. ૧૭

બગસરામાંથી પોલીસે પાંચ પત્તાપ્રેમીઓને ઝડપી પાડ્યા હતા.

બગસરા નટવરનગર જૂના રેલવે સ્ટેશનના ખંડેરની પાછળથી મહેશભાઈ ભરતભાઈ સોલંકી, મનુભાઈ જસાભાઈ ઘોડાસરા, જયંતીભાઈ ભરતભાઈ સોલંકી, પંકજભાઈ પરશોતમભાઈ કુકવાવા તથા કૌશિકભાઈ બાબુભાઈ મકવાણા જાહેરમાં ગંજીપત્તાના પાના તથા પૈસા વડે તીનપત્તી નામનો હારજીતનો જુગાર રમતા રોકડા રૂ.૧૦,૨૫૦ સાથે પકડાયા હતા. બગસરા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. બી.ડી. ભીલ વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયામાં લગ્નના મનદુઃખમાં યુવક પર છરીથી હુમલો કરી જાનથી મારવાની ધમકી આપી

**બંને પક્ષોએ સામસામે ફરિયાદ નોંધાવી**

લીલીયા, તા.૧૭

લીલીયામાં લગ્નના મનદુઃખમાં યુવક પર છરીથી હુમલો કરી જાનથી મારવાની ધમકી આપી હતી. આ અંગે બંને પક્ષોએ સામસામે ફરિયાદ નોંધાવી હતી.પ્રથમ પક્ષે અજયભાઈ કાળુભાઈ ચારોલીયા (ઉ.વ. ૨૩) એ રાહુલ રમેશભાઈ વાઘેલા, પરેશ રમેશભાઈ વાઘેલા, કીશન વીકુભાઈ વાઘેલા, ભીમો વીકુભાઈ વાઘેલા તથા આશીષ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના લગ્ન આરોપીઓના કુટુંબની બહેન સાથે થયા હતા. આરોપીઓ આ લગ્નથી નારાજ હતા અને તેમને આ લગ્ન સંબંધ પસંદ નહોતો. જે વાતનું મનદુઃખ રાખી આરોપીઓએ લોખંડની કુહાડીના ઘા માર્યા હતા તેમજ છરી વડે ઈજા પહોંચાડી હતી. તમામ આરોપીઓએ તેમને જેમ ફાવે તેમ ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.સામે પક્ષે ભીમભાઈ વીકુભાઈ વાઘેલા (ઉ.વ.૨૨)એ અજય કાળુભાઈ ચારોલીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના કાકાની દીકરી અરુણાબેન ચીનુભાઈ વાઘેલાના લગ્ન આરોપી સાથે તેમના કુટુંબની મરજી વિરુધ્ધ થયા હતા. આરોપી તેમના કુટુંબના માણસોને જ્યાં મળે ત્યાં ચીડવતો હતો. તેણે કાકાના દીકરા રોહિત ચીનુભાઈ વાઘેલાને વગર વાંકે ગાળો આપી બે-ત્રણ ઝાપટો મારી હતી. જેથી તેઓ તથા સાહેદો ઠપકો આપવા જતા આરોપીને સારું નહોતું લાગ્યું અને તેમને તથા સાહેદોને જેમ ફાવે તેમ ગાળો આપી છૂટા પથ્થરના ઘા કર્યા હતા તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. સી.બી. ટીલાવત વધુ તપાસ કરી રહ્યા છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે બાબરામાં ભાજપ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

બાબરા, તા.૧૭




તસવીર : દિપક કનૈયા

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે અમરેલી જિલ્લા યુવા મોરચા દ્વારા જિલ્લાના વિવિધ શહેરો અને તાલુકાના મુખ્ય ગામોમાં રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તેના ભાગરૂપે બાબરા શહેર યુવા ભાજપ દ્વારા બાબરા સહકારી હોસ્પિટલ ખાતે રક્તદાન કેમ્પ યોજાયો હતો. આ પ્રસંગે બાબરા-લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું હતું. કેમ્પને સફળ બનાવવા શહેર યુવા મોરચાના પ્રમુખ જયકિશનભાઈ સેલિયા, સહિત ભાજપની ટીમે જહેમત ઉઠાવી હતી. નગરપાલિકા પ્રમુખ રમેશભાઈ પરવાડિયા, જિલ્લા કિશાન મોરચાના પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, તાલુકા પંચાયત પ્રમુખ તુષારભાઈ રામાણી, જિલ્લા પંચાયત સભ્ય અમરીશભાઈ વાઘેલા સહિત આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: સાતમ
તા.૧૮-૦૯-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૦૭,
સૂર્યાસ્ત-૦૬:૨૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: જ્યેષ્ઠ

## દૈનિક રાશિફળ

તા.૧૮-૦૯-૨૦૨૬ શુક્રવાર

મેષ: તમારા નિર્ણયને સર્વોચ્ચ રાખો. આ સમયે અનેક ખર્ચ સામે આવશે પરંતુ, આવકના સ્ત્રોત પણ વધવાથી આર્થિક સમસ્યાઓ રહેશે નહીં.

વૃષભ: કોઇ જરૂરિયાતમંદ મિત્રની મદદ કરવાથી આત્મિક શાંતિ પ્રાપ્ત થશે. આજે દોડભાગ તથા મહેનત વધારે રહી શકેશે છે, કાર્યની સફળતા તમારો થાક દૂર કરી દેશે.

મિથુન: તમારી કાર્યકુશળતા દ્વારા આશા પ્રમાણે લાભ પણ પ્રાપ્ત થશે. તમારી યોજનાઓને શરૂ કરવાનો યોગ્ય સમય છે. લગ્નજીવન મધુર રહેશે.

કર્ક: તમારો પોઝિટિવ દૃષ્ટિકોણ પારિવારિક અને સામાજિક ગતિવિધિઓમાં યોગ્ય વ્યવસ્થા જાળવી રાખવામાં મદદ કરશે. પારિવારિક સભ્યો તથા સંબંધીઓ સાથે સંબંધ વધારે મજબૂત બનશે.

સિંહ: આર્થિક સ્થિતિ સારી રહેશે. નજીકના સંબંધીઓ સાથે મુલાકાત થશે અને કોઈ મુદ્દા ઉપર ચર્ચા-વિચારણાં પણ થઇ શકે છે. આમ ધાર્મિક તથા અધ્યાત્મિક ગતિવિધિઓમાં પણ થોડો સમય પસાર કરો.

કન્યા: કોઈ જૂની યોજનાને શરૂ કરવા માટેનો યોગ્ય સમય છે. ઘરના વડીલ તથા અનુભવી લોકોના માર્ગદર્શનથી અનેક મુશ્કેલીઓનું આજે આપને સમાધાન મળી શકશે.

તુલા: છેલ્લાં થોડા સમયથી અટવાયેલાં કામોમાં ગતિ આવશે. બાળકોની સમસ્યાના સમાધાનમાં તમારો સહયોગ તેમના માટે ખૂબ જ યોગ્ય રહેશે.

વૃશ્ચિક: આજનો દિવસ ખૂબ જ વ્યસ્ત તથા લાભકારી રહેશે. ઘરની સજાવટ અંગેના કાર્યોમાં પણ સમય સારો પસાર થશે.

ધન: નવી યોજનાઓને શરૂ કરવા માટે યોગ્ય સમય છે. વડીલોના આશીર્વાદ અને સ્નેહ પરિવાર ઉપર જળવાયેલો રહેશે. આવકનો કોઇ મહત્ત્વપૂર્ણ સ્ત્રોત બનશે.

મકર: ઘણાં દિવસો પછી ઘરમાં નજીકના સંબંધીઓના આગમનથી ઉત્સવનું વાતાવરણ રહેશે. આ રાશિના જાતકો સંતુલિત પ્રવૃત્તિના હોય છે.

કુંભ: આજે તમે તમારી ચતુરાઈથી કોઇ સમસ્યાનું સમાધાન મેળવવામાં સક્ષમ રહી શકશો. જે કામ છેલ્લાં ઘણાં સમયથી અટવાયેલું હતું તે આજે તમારી કોશિશ દ્વારા પૂર્ણ થવાની પુરી સંભાવના છે.

મીન: પોતાના કાર્યો પ્રત્યે સંપૂર્ણ સજાગ રહેશે. અચાનક જ કોઇ અજાણ વ્યક્તિ સાથે મુલાકાત તમારા માટે ફાયદાકારક રહેશે.

# રાજુલા તાલુકાના મોરંગી ગામે મહિલાના વાળ પકડી ઢીકાપાટુ મારતા ફરિયાદ

**આવવા-જવાના રસ્તા પર દબાણ કરી મકાન બનાવવા મુદ્દે માથાકૂટ થઈ હતી**

રાજુલા, તા.૧૭

રાજુલાના મોરંગી ગામે આવવા-જવાના રસ્તા પર દબાણ કરી મકાન બનાવવા મુદ્દે થયેલી માથાકૂટમાં મહિલાના વાળ પકડી ઢીકાપાટુ માર્યા હતા. રેખાબેન ભીમજીભાઈ ચાવડા (ઉ.વ.૪૦)એ નસીમબેન મહમદભાઈ શેખ, ગઝાલા આદિલભાઈ શેખ અને શેહનાઝબેન અબ્દુલભાઈ શેખ સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ આરોપી મહિલાઓ ફરિયાદીના પાડોશી થાય છે. ફરિયાદી તથા આરોપી મહિલાઓને આવવા-જવાનો રસ્તો એક જ છે, જે રસ્તા પર આરોપી મહિલાઓએ દબાણ કરી મકાન બનાવ્યું હોય તેનો કેસ કોર્ટમાં ચાલે છે. જેની દાઝ રાખી આરોપી મહિલાઓએ વિરોધ કર્યો હતો.

બાદમાં ફરિયાદી પોતાના ઘરનો કચરો વોંકળામાં નાખવા જતા આરોપી મહિલાઓએ તેમની સાથે બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો, જેની અરજી તેમણે પોલીસ સ્ટેશનમાં આપી હતી.

આ બાબતની ખાર રાખી ત્રણેય આરોપી મહિલાઓએ ફરિયાદીના વાળ પકડી ઢીકાપાટુનો શરીરે આડેધડ મુંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.એલ. ભેરડા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાની કે.કે. હાઈસ્કૂલની કબડ્ડી ટીમ જિલ્લા કક્ષાએ રનર્સઅપ

સાવરકુંડલા,તા.૧૭



૭૦મા અખિલ ભારતીય શાળાકીય રમતોત્સવ અંતર્ગત યોજાયેલી અન્ડર-૧૭ જિલ્લા કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં સાવરકુંડલાની કે. કે. હાઈસ્કૂલની ટીમે શાનદાર પ્રદર્શન કરીને રનર્સઅપનું સ્થાન હાંસલ કર્યું છે. વ્યાયામ શિક્ષક વિપુલભાઈ દવેના માર્ગદર્શન હેઠળ શ્રેષ્ઠ રમત દાખવીને શાળાના પાંચ પ્રતિભાશાળી ખેલાડીઓ રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા છે. આ સિદ્ધિ બદલ શાળાના પ્રમુખ ચંદ્રિકાબેન ઘેલાણી, ઉપપ્રમુખ કનુભાઈ ગેડિયા, મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા, શાળા પરિવારે ખેલાડીઓ અને માર્ગદર્શક શિક્ષકને અભિનંદન પાઠવ્યા હતા.

# જિલ્લામાં બીમારીથી કંટાળી બે લોકોએ આપઘાત કર્યો

અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લામાં બીમારીથી કંટાળી બે લોકોએ આપઘાત કર્યો હતો. સાવરકુંડલાના પીઠવડી ગામે રહેતા ઘુઘાભાઈ નાજાભાઈ રાઠોડ (ઉ.વ.૪૫)એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની રેખાબેન ઘુઘાભાઈ રાઠોડ (ઉ.વ.૪૦)ને હૃદયના વાલ્વ તથા મગજની બીમારી હતી. આ બીમારીથી કંટાળી જઈ તેમણે ગળાફાંસો ખાઈ લેતા મરણ પામ્યા હતા. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. એન.વી. શિયાળ વધુ તપાસ કરી રહ્યા છે.બીજા બનાવમાં બગસરામાં રહેતા જગદિશભાઈ વલ્લભભાઈ પાનસુરીયા (ઉ.વ.૪૨)એ જાહેર કર્યા મુજબ, તેમના પિતા વલ્લભભાઈ ખીમાભાઈ પાનસુરીયા (ઉ.વ.૭૦)ને છેલ્લા ઘણા વર્ષોથી પ્રોસ્ટેટની બીમારી હતી. આ બીમારીથી કંટાળી તેમણે પોતાની મેળે ઝેરી દવા પી લેતા, સારવાર દરમિયાન મરણ પામ્યા હતા.

# રાજુલાના સમઢીયાળા-01 ગામેથી બે મહિલા સહિત ૧૦ જુગારી ઝડપાયા

રાજુલા, તા. ૧૭

રાજુલાના સમઢીયાળા-૦૧ ગામેથી બે મહિલા સહિત ૧૦ જુગારી ઝડપાયા હતા. પોલીસે રૂ. ૨૦,૩૪૦નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી. સંજયભાઈ સામતભાઈ જાદવ, રાજુભાઈ રવજીભાઈ ગુજરીયા, આતુભાઈ ચિથરભાઈ જાદવ, અશોકભાઈ આતુભાઈ બાંભણીયા, લખમણભાઈ ભુપતભાઈ મેર, ભરતભાઈ નાનજીભાઈ બારૈયા, મગનભાઈ રામભાઈ બારૈયા, કેશુભાઈ બાલુભાઈ શિયાળ તથા બે મહિલાઓ પ્લોટ વિસ્તારમાં પાણીના ટાંકા પાસે સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેરમાં ગંજીપત્તાના પાના વડે હારજીતનો જુગાર રમતા રોકડ રકમ રૂ. ૨૦,૩૪૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.ડી. લાધવા વધુ તપાસ કરી રહ્યા છે.

# ચિત્તલ ગામે બે સ્થળેથી ૪૫૦ લીટર દેશી દારૂ બનાવવાનો આથો મળ્યો

અમરેલી, તા. ૧૭

અમરેલીના ચિત્તલ ગામે બે સ્થળેથી ૪૫૦ લીટર દેશી દારૂ બનાવવાનો આથો મળ્યો હતો. પોલીસે બંને સ્થળેથી મળી કુલ રૂ. ૧૧,૯૦૦નો પ્રોહિબિશન મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ ઉપરાંત, પોલીસે ૧૦ સ્થળેથી પાસ-પરમિટ વગર કેફી પીણું પીને ફરતા ઈસમોને ઝડપી પાડ્યા હતા. જ્યારે સમગ્ર જિલ્લામાં સાત સ્થળેથી ૩૭ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો હતો.

# સાવરકુંડલાના ભમ્મર ગામે વીજશોકથી ભેંસનું મોત

સાવરકુંડલા, તા. ૧૭

સાવરકુંડલાના ભમ્મર ગામે વીજશોકથી ભેંસનું મોત થયું હતું. આ અંગે આલીંગભાઈ બચુભાઈ ભુકણ (ઉ.વ.૪૦)એ જાહેર કર્યા મુજબ, તેઓ ભેંસો ચરાવીને પરત ઘરે જતા હતા તે વખતે જામવાળી નદીના કાંઠે 'ટેકરાવાળી ધાર' તરીકે ઓળખાતી જગ્યા પાસે નદીમાં ભેંસો પાણી પીવા ગઈ હતી. તે દરમિયાન એક ભેંસ ઈલેક્ટ્રિક ટી.સી. પાસેથી પસાર થતાં, ટી.સી.માંથી પસાર થતા પાવરનો ઈલેક્ટ્રિક શોક લાગતાં ભેંસનું મરણ થયું હતું.

## તંત્રી લેખ

# મફત યુપીઆઈનો જમાનો બદલાશે?

અત્યાર સુધી લોકો માનતા આવ્યા છે કે યુપીઆઈ એટલે મફત અને સરળ ડિજિટલ સેવા. શાકભાજીવાળાથી માંડીને મોટા મોલ સુધી ફોનથી પૈસા ચૂકવવાનું સરળ બન્યું છે. ડિજિટલ ઈન્ડિયાના અભિયાનમાં યુપીઆઈએ મહત્વની ભૂમિકા ભજવી છે. જોકે, હવે યુપીઆઈ વ્યવહારો પર ફી લાગુ કરવાની ચર્ચાને કારણે વેપારીઓ અને સામાન્ય ગ્રાહકોમાં ચિંતા ઊભી થઈ છે. જાહેર થયેલી માહિતી મુજબ, રૂ. ૨,૦૦૦ સુધીના કેટલાક યુપીઆઈ અને રૂપે ડેબિટ કાર્ડ વ્યવહારો પર કોઈ ચાર્જ નહીં લેવાની જોગવાઈ છે, જ્યારે રૂ. ૨,૦૦૦થી વધુના વેપારી વ્યવહારો પર ૦.૪ ટકા ફી લાગુ થવાની વાત છે. આ વ્યવસ્થા ૧૫ ઓક્ટોબરથી લાગુ થવાની ચર્ચા છે. જોકે, આવી નીતિ અંગે અંતિમ સત્તાવાર જોગવાઈ અને તેનો અમલ કયા વ્યવહારો પર થશે તે સ્પષ્ટ રીતે ચકાસવું જરૂરી છે. રૂ. ૨,૦૦૦ની મર્યાદા આજના સમયમાં ઘણી ખરીદી માટે નાની ગણાય છે. કરિયાણું, દવા, કપડાં, શૈક્ષણિક ફી સહિતના અનેક ખર્ચ સરળતાથી આ મર્યાદા વટાવી જાય છે. સરકારનો દાવો હોય કે ફી વેપારી પાસેથી લેવામાં આવશે અને ગ્રાહક પર તેનો બોજો ન નાખવો જોઈએ, છતાં વ્યવહારમાં વેપારી પોતાના ખર્ચને ભાવમાં સામેલ કરે તેવી શક્યતા અંગે ચર્ચા થઈ રહી છે. નાના વેપારીઓ માટે આ બાબત વધુ મહત્વની છે. લારી-ગલ્લાવાળા, ગૃહઉદ્યોગો, નાના દુકાનદારો અને ઓનલાઈન વેચાણ કરતા લોકો માટે નફાનું પ્રમાણ ઘણી વખત મર્યાદિત હોય છે. આવા વેપારીઓ માટે દરેક વધારાનો ખર્ચ મહત્વ ધરાવે છે. બીજી તરફ, મોટા વ્યવસાયિક સંસ્થાઓ માટે આ ખર્ચનું સંચાલન કરવું તુલનાત્મક રીતે સરળ હોઈ શકે છે. મધ્યમ વર્ગ પર પણ આડકતરી અસર અંગે ચિંતા વ્યક્ત થઈ રહી છે. જો વેપારીઓ ફીનો ખર્ચ વસૂલવા માટે ભાવમાં વધારો કરે તો ગ્રાહકોના માસિક બજેટ પર અસર થઈ શકે છે. જો કોઈ વેપારી ડિજિટલ ચુકવણી સ્વીકારવામાં ખચકાય અને રોકડ વ્યવહારને પ્રાધાન્ય આપે, તો ડિજિટલ પેમેન્ટની સરળતા પણ ઘટી શકે છે. ગામડાં અને નાના શહેરોમાં યુપીઆઈનો ઉપયોગ ઝડપથી વધ્યો છે. ખાતર, બિયારણ, દવા અને અન્ય જરૂરી વસ્તુઓની ખરીદીમાં ડિજિટલ ચુકવણીનો ઉપયોગ થતો હોવાથી વેપારીઓ અને ગ્રાહકો બંને માટે સ્પષ્ટ નિયમો જરૂરી છે. ડિજિટલ વ્યવહારને પ્રોત્સાહન આપવાના હેતુ સાથે નવી ફી વ્યવસ્થાનું સંતુલન જાળવવું જરૂરી બનશે. યુપીઆઈ વ્યવસ્થાના સંચાલન પાછળ બેંકો અને પેમેન્ટ કંપનીઓને ખર્ચ થતો હોવાની દલીલ કરવામાં આવે છે. બીજી તરફ, ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા માટે સરકાર તરફથી મળતી સહાય અને તેની ભવિષ્યની નીતિ પણ મહત્વપૂર્ણ છે. નાના વેપારીઓને રાહત, નાની રકમના વ્યવહારો માટે વધુ મર્યાદા અને ગ્રાહકો પર વધારાનો બોજો ન પડે તેવી વ્યવસ્થા અંગે વિચારણા થઈ શકે છે. યુપીઆઈ ભારતના ડિજિટલ પેમેન્ટ માળખાની મહત્વપૂર્ણ વ્યવસ્થા બની છે. તેથી તેમાં કોઈ પણ ફેરફાર કરવામાં આવે ત્યારે સામાન્ય ગ્રાહક, નાના વેપારી અને મધ્યમ વર્ગ પર તેની અસરને ધ્યાનમાં લેવી જરૂરી છે. ડિજિટલ વ્યવહારોની સરળતા જળવાઈ રહે અને વેપારીઓ પર અનાવશ્યક નાણાકીય બોજો ન પડે તેવું સંતુલિત માળખું ડિજિટલ અર્થતંત્ર માટે મહત્વપૂર્ણ બની રહેશે.

# વાઈરલ ટ્રેન્ડ્સ દ્વારા કરોડો યૂઝર્સનો ફેસ ડેટા એકત્રિત કરવાનું ષડયંત્ર

ઈન્સ્ટાગ્રામ, ફેસબુક અને વોટ્સએપ જેવા લોકપ્રિય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર હાલમાં ૧૯૮૦ના દશકના રેટ્રો લૂક અને વિન્ટેજ ફોટાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. સામાન્ય યુઝર્સથી લઈને જાણીતી હસ્તીઓ સુધી અનેક લોકો પોતાના સ્માર્ટફોનથી પાડેલા હાઈ-રિઝોલ્યુશન ફોટા ચેટજીપીટી સહિત વિવિધ AI ટૂલ્સમાં અપલોડ કરીને ૮૦ના દશકની બોલિવૂડ શૈલી, વિન્ટેજ હેરસ્ટાઈલ અને એનાલોગ લૂક ધરાવતા ફોટા બનાવી રહ્યા છે. જૂની ફિલ્મોના હીરો-હીરોઈન જેવા દેખાવાનો શોખ સ્વાભાવિક છે, પરંતુ સાઈબર નિષ્ણાતોના મતે આવા ટ્રેન્ડમાં ડિજિટલ સુરક્ષા અને પ્રાઈવસીના જોખમને અવગણવું યોગ્ય નથી. આવા વાઈરલ ટ્રેન્ડ પાછળ સામાન્ય રીતે એક સમાન પેટર્ન જોવા મળે છે. લોકો મનોરંજન માટે પોતાના ફોટા કોઈ એપ, વેબસાઈટ અથવા AI ટૂલમાં અપલોડ કરે છે. અગાઉ પણ ઉંમર વધ્યા પછીનો દેખાવ દર્શાવતા ફોટા, કાર્ટૂન અવતાર અને અન્ય AI આધારિત ઈમેજ બનાવવાના ટ્રેન્ડ સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. આવા ટ્રેન્ડ દરમિયાન લાખો લોકો પોતાના ચહેરાના ફોટા અલગ-અલગ પ્લેટફોર્મ સાથે શેર કરે છે. જોકે, દરેક AI ટૂલ ફોટાનો ઉપયોગ એકસરખી રીતે કરે છે એવું માનવું યોગ્ય નથી. તેથી કોઈપણ સેવા ઉપયોગ કરતા પહેલાં તેની પ્રાઈવસી પોલિસી અને ડેટા ઉપયોગ અંગેની શરતો સમજવી જરૂરી છે. જ્યારે કોઈ વ્યક્તિ પોતાનો હાઈ-રિઝોલ્યુશન ફોટો AI ટૂલમાં અપલોડ કરે છે ત્યારે તે માત્ર એક તસવીર જ શેર કરતી નથી. તસવીરમાં ચહેરાની અનેક વિશિષ્ટ વિગતો હોય છે. આંખોની સ્થિતિ, નાકની રચના, હોઠનો આકાર, ચહેરાની લંબાઈ-પહોળાઈ અને અન્ય લક્ષણો ચહેરાની ઓળખ સાથે જોડાયેલી માહિતી બની શકે છે. આવી માહિતીને બાયોમેટ્રિક માહિતીના સંદર્ભમાં જોવામાં આવે છે. ચહેરાની ઓળખ વ્યક્તિની વિશિષ્ટ ઓળખ સાથે સંકળાયેલી હોવાથી તેના સંગ્રહ, ઉપયોગ અને સુરક્ષા અંગે સાવચેતી રાખવી જરૂરી છે. સાઈબર સુરક્ષાના ક્ષેત્રમાં ડીપફેક પણ એક મહત્વનો પડકાર બની રહ્યો છે. ઉપલબ્ધ ટેકનોલોજીનો ઉપયોગ કરીને કોઈ વ્યક્તિના ચહેરા અને અવાજ સાથે મેળ ખાતી નકલી તસવીરો અથવા વીડિયો તૈયાર કરી શકાય છે. આવી સામગ્રી વાસ્તવિક હોવાની ખોટી છાપ ઊભી કરી શકે છે. તેનો ઉપયોગ બદનામી, છેતરપિંડી અથવા બ્લેકમેલિંગ જેવા ગુનાઓમાં





થઈ શકે છે. તેથી કોઈપણ અજાણી અથવા અવિશ્વસનીય AI સેવા સાથે વ્યક્તિગત ફોટા શેર કરતી વખતે સાવચેતી જરૂરી છે. ફેસ રેકગ્નિશન આધારિત સેવાઓના વધતા ઉપયોગને કારણે ચહેરાની માહિતીની સુરક્ષા વધુ મહત્વની બની છે. કેટલીક એપ્લિકેશન્સમાં ચહેરાની ઓળખનો ઉપયોગ ઓળખ ચકાસવા અથવા લોગિન માટે કરવામાં આવે છે. જોકે, ચહેરાના ડેટાની સુરક્ષા અને અન્ય પ્રમાણભૂત સુરક્ષા પધ્ધતિઓ વચ્ચે તફાવત સમજવો જરૂરી

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

છે. પાસવર્ડ લીક થાય તો તેને બદલી શકાય છે, પરંતુ ચહેરાની ઓળખ સાથે જોડાયેલી માહિતી બદલવી સરળ નથી. તેથી મહત્વની ડિજિટલ અથવા નાણાકીય સેવાઓમાં ઉપલબ્ધ હોય ત્યાં મજબૂત પાસવર્ડ, બહુ-પરિબળ પ્રમાણીકરણ અને અન્ય સુરક્ષા વિકલ્પોનો ઉપયોગ કરવો વધુ સલામત અભિગમ છે. ફોટો સાથે જોડાયેલી બીજી મહત્વની બાબત મેટાડેટા છે. કેટલીક તસવીરોમાં ડિવાઈસ, તારીખ-સમય, લોકેશન જેવી માહિતી સંગ્રહિત હોઈ શકે છે. જોકે, દરેક ફોટામાં આ તમામ માહિતી હોતી જ નથી અને ઘણી એપ્લિકેશન્સ તેને દૂર પણ કરી શકે છે. તેમ છતાં, સોશિયલ મીડિયા અથવા કોઈ અજાણી સેવા પર ફોટો અપલોડ કરતા પહેલાં તેમાં અનાવશ્યક લોકેશન અથવા અન્ય વ્યક્તિગત માહિતી સામેલ છે કે નહીં તે તપાસવું સમજદારીભર્યું છે. સોશિયલ મીડિયા પર ફોટા શેર કરતી વખતે પણ પ્રાઈવસી સેટિંગ્સનું મહત્વ છે. જાહેર પ્રોફાઈલ પર મુકવામાં આવેલી તસવીરોને મોટી સંખ્યામાં લોકો જોઈ અથવા સાચવી શકે છે. ખાસ કરીને બાળકો, પરિવારના સભ્યો અને વ્યક્તિગત સ્થળોની તસવીરો શેર કરતી વખતે કોણ તેને જોઈ શકે છે તેની સેટિંગ તપાસવી જોઈએ. અજાણી વ્યક્તિ દ્વારા મોકલવામાં આવેલી લિંક પરથી કોઈ AI ટૂલ અથવા એપ્લિકેશનમાં ફોટો અપલોડ કરવો ટાળવો જોઈએ. મફત AI ટૂલ્સ અંગે પણ અંધ વિશ્વાસ રાખવો યોગ્ય નથી. કોઈ સેવા મફત છે એટલે તે આપમેળે અસુરક્ષિત છે એવું નથી, પરંતુ ઉપયોગ કરતા પહેલાં તે કયો ડેટા એકત્ર કરે છે, કેટલા સમય સુધી રાખે છે, તેનો ઉપયોગ કયા હેતુ માટે કરે છે અને ત્રીજા પક્ષ સાથે શેર કરે છે કે નહીં તે જાણવું જરૂરી છે. પ્રાઈવસી પોલિસીમાં રહેલી શરતો વાંચ્યા વગર માત્ર 'I Agree' પર ક્લિક કરવાથી વ્યક્તિ પોતાના ડેટાના ઉપયોગ અંગે મહત્વની શરતો સ્વીકારી શકે છે. વાઈરલ ટ્રેન્ડમાં જોડાવાની ઉતાવળમાં ડિજિટલ સુરક્ષાને અવગણવી જોઈએ નહીં. જો કોઈ ટ્રેન્ડ અજમાવવો હોય તો શક્ય હોય ત્યાં સુધી ઓછી વ્યક્તિગત માહિતી ધરાવતી તસવીરનો ઉપયોગ કરવો, અજાણી વેબસાઈટથી દૂર રહેવું અને એપ્લિકેશનને આપવામાં આવેલી પરવાનગીઓ તપાસવી જરૂરી છે. ખાસ કરીને કેમેરા, ગેલેરી, કોન્ટેક્ટ્સ અને લોકેશન જેવી પરવાનગીઓ કોઈ એપને શા માટે જોઈએ છે તે સમજ્યા વિના મંજૂરી આપવી યોગ્ય નથી. ફોટા અપલોડ કરતા પહેલાં કેટલીક સરળ સાવચેતી રાખી શકાય છે. અજાણી વેબસાઈટ અથવા એપમાં અસલી હાઈ-રિઝોલ્યુશન ફોટો અપલોડ ન કરવો, પ્રાઈવસી પોલિસી વાંચવી, ફોટામાં અનાવશ્યક લોકેશન માહિતી હોય તો તેને દૂર કરવી અને સોશિયલ મીડિયા એકાઉન્ટની પ્રાઈવસી સેટિંગ્સ તપાસવી જોઈએ. નાણાકીય સેવાઓ માટે માત્ર ફેસ લોગિન પર આધાર રાખવાને બદલે મજબૂત પાસવર્ડ અને ઉપલબ્ધ વધારાની સુરક્ષા પધ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ. પરિવારના બાળકો અને વડીલોને પણ આવા ડિજિટલ જોખમો અંગે સમજ આપવી જરૂરી છે. મનોરંજન જીવનનો મહત્વનો ભાગ છે અને નવા ટેકનોલોજી ટ્રેન્ડ અજમાવવામાં સ્વાભાવિક રીતે રસ હોઈ શકે છે. ૧૯૮૦ના દશકનો રેટ્રો લૂક મેળવવો પણ મનોરંજક અનુભવ બની શકે છે. પરંતુ તેના માટે વ્યક્તિગત ડેટાની સુરક્ષા સાથે બાંધછોડ કરવાની જરૂર નથી. કોઈપણ છેં ટૂલનો ઉપયોગ કરતા પહેલાં તેની વિશ્વસનીયતા, ડેટા નીતિ અને પરવાનગીઓ અંગે માહિતી મેળવવી જોઈએ. ડિજિટલ દુનિયામાં સ્માર્ટ બનવાનો અર્થ માત્ર નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવો નથી, પરંતુ તેની સાથે જોડાયેલા જોખમોને સમજવું પણ છે. વાઈરલ ટ્રેન્ડ થોડા સમય માટે રહે છે, પરંતુ એકવાર વ્યક્તિગત માહિતી અનિચ્છનીય રીતે શેર થઈ જાય પછી તેના પર સંપૂર્ણ નિયંત્રણ જાળવી રાખવું મુશ્કેલ બની શકે છે. તેથી રેટ્રો ફોટો ટ્રેન્ડનો આનંદ માણતી વખતે પણ પોતાની ઓળખ, ચહેરાની માહિતી અને વ્યક્તિગત ડેટાની સુરક્ષાને પ્રથમ પ્રાથમિકતા આપવી જરૂરી છે.

**સોશિયલ મીડિયા પર છવાયેલો ૧૯૮૦'જ AI ફોટોનો જોખમી ટ્રેન્ડ જેના કારણે અનેક ઇન્ટરનેટર ઉપયોગ કરનારા લોકો સાયબર ક્રાઇમનો ભોગ બની શકે છે. દર વખતે લાખો-કરોડો લોકો પોતાના ચહેરાના ફોટા મફતમાં કોઈ અજાણી વેબસાઈટ કે એપને આપી દે છે. કોઈપણ AI મોડેલને તાલીમ આપવા માટે કરોડો વાસ્તવિક ઈમેજિસની જરૂર પડે છે. આ ટ્રેન્ડ્સ એટલે AI કંપનીઓ માટે મફતમાં ડેટા મેળવવાની સૌથી સસ્તી અને સરળ રીત છે નવો ટ્રેન્ડ ફોલો કરવાની ઘેલછામાં યૂઝર્સે ડિજિટલ સિક્યોરિટી અને પ્રાઈવસી દાવ પર ન લગાવવી જોઈએ.**

## શબ્દ સંજોગ-૨૨૬૬



**આડી ચાવી :**
(૧) પહેલો સગો..... (૩)
(૩) તેતર, ચાતક (૪)
(૬) એક સુગંધી પદાર્થ (૩)
(૭) આપખુદ કે લહેરી માણસ (૩)
(૮) પહોર પહોરને આતરે ઘડિયાળા વગાડવામાં આવે છે તે (૩)
(૧૦) શરીરની ઉંચાઈ કે જાડાઈ (૨)
(૧૨) ઢગલો, ગંજ (૨)
(૧૪) મનમાં ને મનમાં (૪)
(૧૭) એક વાદ્ય (૨)
(૨૦) ...પાંજરામાં મીઠું મીઠું બોલે.... (૩)
(૨૧) એક સ્વાદ (૨)
(૨૨) એક સુંગધીદાર વનસ્પતિ (૩)
(૨૪) ઉત્કૃષ્ટ, ઘણુ સારુ (૩)
(૨૭) ગરક, તલ્લીન (૨)
(૨૮) શૂરવીર, ધીંગું (૪)
(૨૯) અસલી ન હોય એવુ (૩)
(૩૦) કાંગરી, દાણો (અ) (૨)

**ઉભી ચાવી :**
(૧) પંચમહાલમાં આવેલો ડુંગર (૪)
(૨) પાણીની છાંટ (૩)
(૩) સાધુનુ કમડળુ-જળપાત્ર (૩)
(૪) .....સેવા એ જ પ્રભુસેવા (૨)
(૫) અમુક મુદતે આપવાની રકમ (૪)
(૯) સૃષ્ટી, વિશ્વ (૩)
(૧૧) પ્રાણવાયુ, જીવ (૨)
(૧૩) ....ની મજા, મોતની સજા (૩)
(૧૫) જુદુ, અલગ (૨)
(૧૬) આંખ સામે, પ્રત્યક્ષ (૬)
(૧૮) એક જાતનો ખાર (૪)
(૧૯) સાડી(૩)
(૨૦) પાણીમાં થતી જીવાત (૨)
(૨૩) ચિંતન, તર્કવિતર્ક (૩)
(૨૫) નવનીત (૩)
(૨૬) એક ફૂલ (અ) (૩)
(૨૮) ભમરો (૨)

## શબ્દ સંજોગ-૨૨૬૫ જવાબ

**આડી ચાવી:** (૧) અભિમન્યુ (૨) ધમસાણ (૫) જટા (૬) વામન (૮) પ્યાર (૯) નદ (૧૦) વતન (૧૨) કાંઠો (૧૪) નજર (૧૬) ઠાઠ (૧૮) પરમ (૨૦) જનકસુતા (૨૩) દહન (૨૬) હલવો (૨૭) પ્રયાગરાજ. **ઉભી ચાવી:** (૧) અલવાન (૨) મકાન (૩) ઘટા (૪) સાબરકાંઠા (૫) જન્નત (૭) મદન (૧૦) વર (૧૧) નગર (૧૩) ઠોઠ (૧૫) જનક (૧૭) હજ (૧૮) પતા (૧૯) મદ (૨૧) નકલ (૨૨) સુર (૨૪) હજીરા (૨૫) માયા.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૭૦૦ | ૧૯૯૦ |
| ઘઉં લોકવન | ૫૬૦ | ૬૧૩ |
| ઘઉં ટુકડા | ૫૬૪ | ૬૩૧ |
| જુવાર સફેદ | ૧૧૯૧ | ૧૪૭૩ |
| જુવાર લાલ | ૧૦૫૦ | ૧૩૭૪ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૦૧ |
| બાજરી | ૩૫૧ | ૪૧૬ |
| મકાઇ | ૪૭૦ | ૪૭૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૭૧૭ |
| ચણા પીળા | ૧૧૫૦ | ૧૨૮૬ |
| ચણા સફેદ | ૧૨૫૦ | ૧૮૯૨ |
| અડદ | ૧૩૭૫ | ૧૮૩૪ |
| મગ | ૯૦૫ | ૧૬૩૪ |
| વાલ દેશી | ૩૯૧ | ૩૯૧ |
| ચોળી | ૧૦૯૧ | ૧૫૬૦ |
| વટાણા | ૫૮૦ | ૯૭૦ |
| કળથી | ૬૫૧ | ૬૫૧ |
| રાજમા | ૩૬૦ | ૧૧૭૦ |
| સીંગદાણા | ૧૫૭૫ | ૨૦૦૫ |
| મગફળી જાડી | ૧૨૦૫ | ૧૫૫૦ |
| મગફળી જીણી | ૧૨૨૫ | ૧૭૦૧ |
| તલી | ૧૯૯૦ | ૨૪૭૩ |
| સુરજમુખી | ૯૦૦ | ૯૦૦ |
| એરંડા | ૧૩૧૫ | ૧૪૪૫ |
| સોયાબીન | ૧૦૯૯ | ૧૨૯૦ |
| સીંગફાડા | ૧૧૨૧ | ૧૮૪૦ |
| કાળા તલ | ૨૪૦૦ | ૩૫૩૦ |
| લસણ | ૧૦૭૦ | ૨૪૨૫ |
| ધાણા | ૨૩૦૦ | ૨૯૫૦ |
| ધાણી | ૨૪૫૦ | ૩૦૬૦ |
| વરીયાળી | ૧૫૦૦ | ૨૦૪૫ |
| જીરૂ | ૩૬૦૦ | ૪૧૧૦ |
| રાય | ૧૩૫૦ | ૧૭૫૫ |
| મેથી | ૯૫૦ | ૧૬૫૦ |
| કલોંજી | ૩૫૦૦ | ૪૧૬૦ |
| રાયડો | ૧૨૧૦ | ૧૫૩૦ |
| રજકાનું બી | ૭૦૦૦ | ૧૦૦૨૫ |
| ગુવારનું બી | ૧૧૦૦ | ૧૨૨૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૦૫૮ | ૪૧૬૬ |
| પપૈયા | ૨૧૪ | ૪૨૧ |
| બટેટા | ૯૨ | ૩૦૯ |
| ડુંગળી સુકી | ૩૫૧ | ૮૬૧ |
| ટમેટા | ૨૪૨ | ૪૧૧ |
| સુરણ | ૪૮૦ | ૬૯૫ |
| કોથમરી | ૩૦૧ | ૪૯૭ |
| મુળા | ૧૫૩ | ૩૨૫ |
| રીંગણા | ૧૨૧ | ૨૭૧ |
| કોબીજ | ૧૩૮ | ૨૪૧ |
| ફ્લાવર | ૨૪૧ | ૩૩૭ |
| ભીંડો | ૪૨૪ | ૬૪૫ |
| ગુવાર | ૫૯૬ | ૭૨૫ |
| ચોળાસીંગ | ૩૩૧ | ૪૬૪ |
| વાલોળ | ૩૯૬ | ૪૭૭ |
| ટીંડોળા | ૩૭૫ | ૬૫૨ |
| દુધી | ૫૬ | ૧૨૦ |
| કારેલા | ૧૨૯ | ૨૧૮ |
| સરગવો | ૫૪૪ | ૧૦૮૦ |
| તુરીયા | ૧૫૮ | ૨૯૬ |
| પરવર | ૩૩૧ | ૫૨૧ |
| કાકડી | ૨૪૮ | ૬૨૨ |
| ગાજર | ૨૫૫ | ૪૧૦ |
| વટાણા | ૧૭૭૫ | ૨૩૯૧ |
| કંટોળા | ૧૩૨૬ | ૧૫૫૨ |
| ગલકા | ૧૩૨ | ૨૦૭ |
| બીટ | ૩૦૭ | ૫૧૪ |
| મેથી | ૪૨૨ | ૬૮૮ |
| વાલ | ૩૯૦ | ૪૯૮ |
| ડુંગળી લીલી | ૨૩૯ | ૩૬૯ |
| આદુ | ૧૨૩૬ | ૨૯૮૮ |
| મરચા લીલા | ૧૧૪ | ૨૪૨ |
| લસણ લીલું | ૧૬૯૫ | ૨૩૧૫ |
| મગફળી લીલી | ૫૨૪ | ૮૦૬ |
| મકાઇ લીલી | ૧૪૩ | ૨૬૯ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૨૧૧ | ૧૯૮૧ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૬૨૬ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૭૧૧ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૭૪૧ |
| સિંગદાણા જાડા | ૧૭૦૦ | ૨૦૦૧ |
| સિંગ ફાડીયા | ૧૦૪૧ | ૧૮૦૧ |
| એરંડા / એરંડી | ૧૨૬૧ | ૧૪૬૬ |
| તલ લાલ | ૨૩૦૧ | ૨૩૮૧ |
| જીરૂ | ૨૩૦૧ | ૪૨૭૧ |
| ધાણા | ૨૪૦૧ | ૨૯૮૧ |
| લસણ સુકું | ૧૦૧૧ | ૨૩૮૧ |
| ડુંગળી લાલ | ૨૦૧ | ૧૦૧૧ |
| અડદ | ૯૦૧ | ૧૭૯૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૭૨૧ |
| રાય | ૧૩૦૧ | ૧૩૦૧ |
| મેથી | ૧૦૦૧ | ૧૪૬૧ |
| કાંગ | ૫૦૧ | ૮૪૧ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૬૨૧ |
| સફેદ ચણા | ૧૧૫૧ | ૧૯૦૧ |
| તલ - તલી | ૧૮૦૧ | ૨૪૯૧ |
| ધાણી | ૨૫૦૧ | ૩૦૧૧ |
| બાજરો | ૩૦૧ | ૪૮૧ |
| જુવાર | ૭૦૧ | ૧૪૬૧ |
| મકાઇ | ૫૮૧ | ૫૮૧ |
| મગ | ૧૦૦૦ | ૧૬૦૧ |
| ચણા | ૧૦૫૧ | ૧૩૨૬ |
| વાલ | ૧૧૦૧ | ૧૩૧૧ |
| ચોળા / ચોળી | ૪૫૧ | ૮૨૬ |
| સોયાબીન | ૧૦૮૧ | ૧૨૦૧ |
| ગોગળી | ૮૨૬ | ૧૩૦૧ |
| વટાણા | ૬૦૧ | ૭૯૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૧૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૨૦૦ |
| કોબી | ૮૦ | ૪૦૦ |
| દુધી | ૨૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૫૦ | ૪૦૦ |
| કાકડી | ૧૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૨૦ | ૨૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૭૦૦ |
| ગલકા | ૪૦ | ૫૦૦ |
| ગાજર | ૧૮૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૬૦૦ |
| વાલ | ૨૦૦ | ૬૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૨૬૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૫૦૦ |
| લીલી હળદર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૨ |
| તાંજરીયા પુરા | ૨ | ૩ |
| કોથમીર પુરા | ૧ | ૨ |
| મૂળા પુરા | ૫ | ૬ |
| ફોદીનો પુરા | ૨ | ૬ |
| પચકારુ | ૩૦૦ | ૪૦૦ |
| કંટોલા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ગુંદા | ૮૦૦ | ૧૩૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૫૦૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૩ |
| બીટ પુરા | ૧૦ | ૨૦ |
| સરગવો પુરા | ૩૦ | ૫૦ |
| ચોરા | ૧૦૦ | ૬૦૦ |
| કારેલા | ૪૦ | ૩૬૦ |
| વાલોર | ૧૦૦ | ૫૦૦ |
| મગફળી લીલી | ૫૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૨૦ | ૪૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૬૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૨૨૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૧૦ | ૧૩ |
| પાલક પુરા | ૨ | ૪ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૪૩૦ |
| શિંગદાણા ફાડા | ૧૫૦૦ | ૨૦૯૦ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૨૬૭૦ |
| તલ કાળા | ૨૩૫૦ | ૩૫૫૫ |
| તલ કાશમીરી | ૧૯૯૫ | ૨૪૫૫ |
| ઘઉં ટુકડા | ૩૦૫ | ૪૩૫ |
| ઘઉં લોકવન | ૧૨૯૦ | ૧૪૦૦ |
| બાજરો | ૩૦૫ | ૪૩૫ |
| જુવાર | ૧૨૯૦ | ૧૪૦૦ |
| ઘઉં ટુકડા | ૫૨૫ | ૭૧૫ |
| ઘઉં લોકવન | ૫૪૦ | ૫૮૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૧૦ |
| સફેદ ચણા | ૧૧૩૦ | ૧૩૦૦ |
| તુવેર | ૧૩૧૦ | ૧૪૯૫ |
| વાલ | ૭૦૦ | ૮૪૦ |
| કપાસ | ૧૦૦૦ | ૨૦૧૫ |
| એરંડા | ૧૨૬૦ | ૧૪૧૫ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૯૦૦ |
| ધાણી | ૨૦૦૦ | ૨૯૦૦ |
| અજમા | ૧૯૨૦ | ૨૬૧૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| રજકાનું બી | ૮૯૦૦ | ૮૯૦૦ |
| કાંગ | ૪૩૦ | ૭૨૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૦૦ | ૨૬૦ |
| રીંગણા | ૧૫૦ | ૨૫૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૨૨૦ | ૩૨૦ |
| શકકરીયા | ૯૫૦ | ૧૦૫૦ |
| ટમેટાં | ૫૧૦ | ૫૬૦ |
| સુરણ | ૯૨૦ | ૧૦૬૦ |
| ગાજર | ૪૦૦ | ૫૫૦ |
| દુધી | ૧૦૦ | ૧૫૦ |
| કારેલા | ૧૦૦ | ૧૫૦ |
| ગલકા | ૩૨૦ | ૪૩૦ |
| મૂળા | ૧૫૦ | ૨૦૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૪૯૦ | ૮૨૦ |
| વાલોળ | ૨૧૦ | ૩૦૦ |
| વટાણા | ૧૮૨૦ | ૨૦૫૦ |
| ચોળા લીલા | ૪૮૦ | ૫૯૦ |
| તુરીયા | ૨૦૦ | ૩૦૦ |
| લીલી તુવેર | ૭૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૫૦૦ |
| હળદર લીલી | ૧૩૫૦ | ૧૪૫૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૧૦૦ | ૨૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફોદીનો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૫૬૦ | ૬૬૦ |
| વાલ | ૫૨૦ | ૬૩૦ |
| સરગવો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લીમડો મીઠો | ૧૫૦ | ૧૭૦ |
| મરચાં લીલાં | ૨૦૦ | ૪૦૦ |
| ચીભડા | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૪૦૦ | ૫૦૦ |
| ડુંગળી સુકી | ૬૬૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૩૦૫૦ | ૩૫૦૦ |
| લસણ સુકું | ૧૪૦૦ | ૨૩૦૦ |
| પાલક | ૩૨૦ | ૪૩૦ |
| લીંબુ | ૧૫૦૦ | ૨૪૦૦ |
| મકાઈ | ૨૪૦ | ૩૫૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૨૦૦ | ૧૫૦૩ |
| શીંગ દાણા | ૧૫૦૦ | ૧૯૮૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૩૧ |
| તલ કાળા | ૨૬૫૦ | ૩૬૫૧ |
| જીરૂ | ૩૫૬૦ | ---- |
| કપાસ | ૧૮૫૦ | ૨૦૧૧ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૫૨૫ | ૫૮૨ |
| બાજરો | ૪૦૦ | ૪૮૫ |
| જુવાર | ૭૦૦ | ૧૩૮૫ |
| મગ | ૧૩૦૦ | ૧૪૧૧ |
| અડદ | ૧૪૦૦ | ૧૫૮૦ |
| ચણા | ૧૧૫૦ | ૧૨૫૫ |
| તુવેર | ૧૩૫૦ | ૧૫૨૫ |
| એરંડી | ૧૪૦૦ | ૧૪૩૩ |
| રાય/રાયડો | ૧૪૫૦ | ૧૬૦૩ |
| **ધારી** | | |
| કપાસ A ગ્રેડ | ૧૮૭૦ | ૧૯૪૫ |
| કપાસ B ગ્રેડ | ૧૫૧૦ | ૧૭૦૦ |
| મગફળી | ૧૧૪૫ | ૧૩૦૧ |
| ઘઉં લોકવન | ૫૩૧ | ૫૭૦ |
| ચણા | ૧૨૩૦ | ૧૨૩૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૭૧ |
| તલ | ૧૭૫૦ | ૧૭૫૦ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૦૦૦ |
| એરંડા | ૧૨૧૦ | ૧૩૭૫ |
| શીંગદાણા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૮૦૦ | ૨૦૩૫ |
| મગફળી | ૯૦૦ | ૧૧૫૦ |
| ઘઉં લોકવન | ૫૩૩ | ૫૭૦ |
| ઘઉં ટુકડા | ૫૫૫ | ૫૫૫ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| જુવાર | ૭૫૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૧૦૩ |
| શીંગદાણા | ૧૮૫૦ | ૧૮૫૦ |
| લસણ | ૫૦૦ | ૫૦૦ |
| તલ કાળા | ૨૩૧૦ | ૨૬૦૦ |
| જીરૂ | ૩૪૪૦ | ૩૪૪૦ |
| **બાબરા** | | |
| કપાસ નવો | ૧૮૪૦ | ૨૦૭૦ |
| કપાસ મીડીયમ | ૧૫૦૦ | ૧૮૦૦ |
| મગફળી | ૧૧૫૦ | ૧૩૦૫ |
| તલ સફેદ | ૨૦૫૦ | ૨૪૬૦ |
| જીરૂ | ૩૫૨૦ | ૪૧૫૦ |
| ચણા | ૧૧૬૦ | ૧૨૪૦ |
| ઘઉ | ૫૨૪ | ૫૬૨ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૪૬ | ૧૯૬૬ |
| ઘઉં | ૪૫૧ | ૫૪૪ |
| ચણા | ૯૦૧ | ૧૨૩૧ |
| અડદ | ૧૬૮૬ | ૧૬૮૬ |
| તુવેર | ૧૫૭૬ | ૧૫૭૬ |
| શીંગફાડા | ૧૪૦૧ | ૧૭૬૬ |
| તલ સફેદ | ૧૮૦૧ | ૨૩૯૬ |
| મેથી | ૧૪૧૧ | ૧૪૧૧ |
| ધાણા | ૨૬૬૬ | ૨૬૬૬ |
| લસણ | ૯૨૧ | ૯૨૧ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **મહુવા** | | |
| શીંગ મીનાક્ષી | ૧૨૦૫ | ૧૩૯૬ |
| શીંગ ૩૯ | ૭૭૮ | ૧૪૫૦ |
| શીંગ જી-૨૦ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| જુવાર | ૪૫૧ | ૧૧૫૨ |
| બાજરી | ૩૦૦ | ૫૨૯ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૪૮ |
| મગ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| મેથી | ૧૩૧૫ | ૧૪૧૫ |
| ચણા | ૯૫૦ | ૧૨૬૦ |
| તલ સફેદ | ૨૧૭૦ | ૨૪૫૧ |
| તલ કાળા | ૧૫૯૯ | ૩૫૭૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૬૦૦ |
| અજમાં | ૨૦૦૦ | ૨૮૦૦ |
| ડુંગળી લાલ | ૧૨૫ | ૯૦૧ |
| ડુંગળી સફેદ | ૩૧૧ | ૬૨૨ |
| કપાસ શંકર | ૧૬૯૫ | ૧૬૯૫ |
| નાળીયેર | ૩૦૦ | ૨૮૪૫ |
| **કોડીનાર** | | |
| બાજરી હાઈબ્રીડ | ૪૫૦ | ૫૨૬ |
| ઘઉં | ૫૫૦ | ૬૧૮ |
| જુવાર | ૭૦૦ | ૧૩૬૪ |
| મગ | ૧૩૦૦ | ૧૭૬૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| સફેદ તલ | ૧૮૦૦ | ૨૨૯૮ |
| કાળા તલ | ૨૦૦૦ | ૩૪૮૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૨૦ |
| રજકો | ૭૦૦૦ | ૯૪૦૦ |
| **જામનગર** | | |
| બાજરી | ૩૬૫ | ૪૩૦ |
| ઘઉં | ૫૪૦ | ૫૭૨ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૭૦ |
| ચણા | ૯૭૦ | ૧૨૪૬ |
| ચણા સફેદ | ૭૯૫ | ૧૦૮૦ |
| મગફળી જીણી | ૮૫૦ | ૧૫૦૦ |
| તલી | ૨૩૪૦ | ૨૩૯૫ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૫૦૦ |
| લસણ | ૮૦૦ | ૨૧૬૦ |
| કપાસ | ૧૩૦૦ | ૨૦૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૨૧૫ |
| ડુંગળી સુકી | ૩૦૦ | ૮૫૦ |
| ડુંગળી નાસિક | ૮૦૦ | ૧૦૦૦ |
| શીંગ દાણા | ૧૬૦૦ | ૧૯૦૦ |
| વટાણા | ૫૦૦ | ૬૧૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૦૦ | ૧૨૫૦ |
| તલ સફેદ | ૨૩૫૧ | ૨૫૫૦ |
| તલ કાળા | ૨૮૦૧ | ૩૫૦૧ |
| કપાસ | ૧૫૬૦ | ૨૦૦૨ |
| બાજરો | ૪૦૦ | ૫૧૫ |
| ઘઉં ટુકડા | ૪૨૬ | ૬૦૮ |
| જુવાર | ૮૫૨ | ૧૫૦૦ |
| મકાઈ | ૪૦૧ | ૪૨૬ |
| ચણા | ૧૧૫૦ | ૧૨૮૧ |
| જીરૂ | ૩૮૦૦ | ૩૮૦૦ |
| મેથી | ૧૩૦૦ | ૧૩૦૧ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

**અમરેલી જિલ્લામાં ૧૧ માસ કરાર આધારિત કર્મચારીઓનો પગાર વધારા મુદ્દે રોષ**

# સ્વચ્છતા હી સેવા-૨૦૨૬ કાર્યક્રમનો કર્મચારીઓ દ્વારા બહિષ્કાર

**એ.સી. ઓફિસમાં બેઠેલા અધિકારીઓને કર્મચારીઓની હાલાકીનો ખ્યાલ નથી**

અમરેલી,તા.૧૭

અમરેલી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં કામ કરતા સ્વચ્છ ભારત મિશનના ૧૧ માસ કરાર આધારિત કર્મચારીઓ છેલ્લા ૧૨-૧૫ વર્ષથી ફરજ બજાવે છે. સરકાર કાર્યક્રમોમાં કરોડો ખર્ચે પણ આ કર્મચારીઓને વાર્ષિક પગાર વધારો આપવામાં આવતો નથી. છેલ્લા ૫ વર્ષથી ઉપરી અધિકારીઓ મૌખીક ના પાડી રહ્યા છે. મોંઘવારી વધતા સફાઈ કર્મચારીઓને પરિવાર ચલાવવા દેવું કરવું પડે છે. જેથી કર્મચારીઓ તાલુકા વિકાસ અધિકારીઓ અને પદાધિકારીઓને આવેદન પત્ર આપીને વડાપ્રધાનના



જન્મદિવસથી શરૂ થતા સ્વચ્છતા હી સેવા ૨૦૨૬ કાર્યક્રમની કામગીરીનો બહિષ્કાર કર્યો છે. ગાંધીનગર ખાતે એસી ઓફિસમાં બેઠેલા અધિકારીઓના મનસ્વી નિર્ણય સામે કર્મચારીઓ ભારે રોષ ફેલાયો છે. અમરેલી જિલ્લામાં કરાર આધારિત કામ કરતા કર્મચારીઓએ આ બાબતે તાલુકા અને જિલ્લા વિકાસ અધિકારીઓને અનેકવાર લેખીત અને મૌખીક રજૂઆત કરેલ છે આમ છતાં અધિકારીઓના પેટનું પાણી હલતુ નથી. જેથી કર્મચારીઓએ સ્વચ્છતા કાર્યક્રમનો જ બહિષ્કાર કરવાનો નિર્ણય લેતા તંત્રમાં દોડધામ મચી જવા પામી છે.

# બાબરાના ચમારડી ગામે બલરામ જયંતિની ધામધૂમથી ઉજવણી

ચમારડી,તા.૧૭

બાબરાના ચમારડી ગામે આવેલી શિવ લહેરી ગૌશાળામાં ભાદરવા સુદ છઠ્ઠના દિવસે ખેડૂતોના ઈષ્ટદેવ ભગવાન બલરામની જન્મજયંતિ ધામધૂમથી ઉજવાઈ હતી. દીપ પ્રાગટ્ય બાદ સમૂહ આરતી યોજાઈ હતી. ઉપસ્થિત ખેડૂતોએ ભગવાન બલરામ, ગૌમાતા અને સરદાર વલ્લભભાઈ પટેલના જયઘોષ સાથે 'જય જવાન, જય કિસાન'ના નારા લગાવ્યા હતા.



ભારતીય કિસાન સંઘના અમરેલી જિલ્લા ઉપપ્રમુખ લાલજીભાઈ વસ્તરપરાએ તાલુકા સંગઠનને મજબૂત બનાવવા માર્ગદર્શન આપ્યું હતું. બાબરા તાલુકા પ્રમુખ ભાનુભાઈ પાનશેરીયાએ ખેડૂતોને પોષણક્ષમ ભાવ, ખેતપેદાશોની નિકાસ અને ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અંગે વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં તાલુકા કમિટી તથા ખેડૂત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લીલીયાના સલડી ગામના યુવકનું અકસ્માતમાં મોત

અમરેલી,તા.૧૭

લીલીયા તાલુકાના સલડી ગામના આશાસ્પદ યુવકનું અકસ્માતમાં મોત નિપજતા અરેરાટી પ્રસરી જવા પામી છે. લીલીયાના સલડી ગામે રહેતો ધ્રુવ છાપરા (ઉ.વ.૧૭) પોતાની બાઈક લઈને અમરેલીથી સલડી જતો હતો ત્યારે લાલાવદર ગામ નજીક બંધ પડેલ આઈશર પાછળ બાઈક ઘુસી જતા ધ્રુવને ગંભીર ઈજા પહોંચતા ઘટનાસ્થળે જ મોત નિપજ્યુ



હતુ. યુવકના મોતના સમાચાર સલડી ગામે પહોંચતા શોકનો માહોલ છવાયો હતો.

યુવાન પુત્રના મોતથી પરિવારમાં કાળો કલ્પાંત સર્જાયો હતો.

**નવી શાખાના શુભારંભ સમયે હાજર રહેલા સહકારી આગેવાનોએ શુભકામના પાઠવી**

# ખાંભામાં ભોજલરામ નાગરિક શ.સ. મંડળીની ૭મી શાખાનો શુભારંભ

**સંતો-મહંતો, સહકારી આગેવાનો અને ગ્રામજનોની ઉપસ્થિતિ, પ્રથમ દિવસે ૨૦૦ નવા સભ્યો જોડાયા**

અમરેલી,તા.૧૭

ખાંભા ખાતે ભોજલરામ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.ની ૭મી શાખાનો સંતો-મહંતો, સહકારી આગેવાનો, સભાસદો તથા તાલુકાના



મહાનુભાવોની ઉપસ્થિતિમાં ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ખાંભા ગુરુકુળના પૂજ્ય ડૉ. દેવ વલ્લભ સ્વામી તથા ખોડલધામ મંદિર-નેસડીના મહંત પૂજ્ય



લવજીભાઈ બાપુએ આશીર્વાદ આપી મંડળીના નવા સભાસદો અને હોદ્દેદારોને શુભેચ્છા પાઠવી હતી.

ઉદ્ઘાટનના પ્રથમ દિવસે જ તાલુકાના આશરે ૨૦૦ નવા સભ્યો મંડળીમાં જોડાયા હતા.

પ્રસંગે મંડળીના ચેરમેન ગોરધનભાઈ ગેડિયા, મગનભાઈ કોઠિયા, સુરેશભાઈ નસિત, તાલુકા પંચાયત પ્રમુખ શિવલાલભાઈ સુદાણી, વિનોદભાઈ માંડણકા, બટુકભાઈ નસિત સહિત ૪૦૦ જેટલા ગ્રામજનો અને હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# સુત્રાપાડા-કોડીનાર સ્ટેટ હાઈવે પરથી યુવકની કોહવાયેલી લાશ મળી

ઉના,તા.૧૭

સુત્રાપાડા-કોડીનાર સ્ટેટ હાઈવે પર થોરડી પાટીયા નજીકથી એક યુવકની કોહવાયેલી લાશ મળી આવતા આસપાસના વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. લાશ મળી હોવાની જાણ થતા મોટી સંખ્યામાં સ્થાનિક લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. બનાવની જાણ સુત્રાપાડા પોલીસને થતા પોલીસ કાફલો



તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યો હતો અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસ દરમિયાન લાશની હાલત જોતા યુવકનું મોત ઘણા સમય પહેલા થયું હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું હતું. જોકે, યુવકનું મોત કયા સંજોગોમાં અને ક્યારે થયું તે અંગે હજુ સુધી સત્તાવાર માહિતી સામે આવી નથી. પોલીસે લાશનો કબજો લઈ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હતી. પોલીસ તપાસ દરમિયાન મૃતકની ઓળખ દિનેશ ઉકા જોરા તરીકે થઈ છે. મૃતક ધામળેજ ગામનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે.

# અમરેલી ગજેરા કેમ્પસ-વિદ્યાસભાના વિદ્યાર્થીઓએ કરાટે ચેમ્પિયનશિપમાં મેળવ્યા અનેક મેડલ

અમરેલી,તા.૧૭

જામનગર ખાતે તા. ૧૩ સપ્ટેમ્બરના રોજ યોજાયેલી ISKF સ્ટેટ કરાટે ચેમ્પિયનશિપ-૨૦૨૬માં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ-વિદ્યાસભા, અમરેલીના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. કુમિતે વિભાગમાં ખાંભલા સોહિલ, ડોંડા મંથન, વામજા કૃપાલ, ધાંધલ મનદીપ, ડાંગર



ધાર્મિક અને દવે દિશાએ ગોલ્ડ મેડલ મેળવ્યા હતા. સોલંકી વંદના, ગોહિલ યુવરાજસિંહ અને વાળા વિશ્વરાજે સિલ્વર મેડલ, જ્યારે ગોલાણી ઉર્વીશા અને ડાંગર ધાર્મિકે બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા. કાતા વિભાગમાં ખાંભલા સોહિલ અને વાળા વિશ્વરાજે ગોલ્ડ, મેર નિરાલીએ સિલ્વર તથા સોલંકી વંદના, ગોલાણી ઉર્વીશા, ધાંધલ મનદીપ અને ડાંગર ધાર્મિકે બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા. આ સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા સહિત આગેવાનોએ ખેલાડીઓ અને કોચ વિકુશભાઈ ભેડાને અભિનંદન પાઠવ્યા હતા.

# પ્રાચીમાં શૈક્ષિક મહાસંઘની જિલ્લાકક્ષાની સભા યોજાઈ

કોડીનાર, તા.૧૭

પ્રાચીમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ-ગીર સોમનાથની જિલ્લા સાધારણ સભા અને કારોબારી બેઠક યોજાઈ હતી. જેમાં પ્રાંત મહામંત્રી પરેશભાઈ પટેલ, સંગઠન મંત્રી સરદારસિંહ મછાર સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં સંગઠનના કાર્યો, શિક્ષકોના પ્રશ્નો અને આગામી આયોજન અંગે માર્ગદર્શન અપાયું



હતું. આ પ્રસંગે વિવિધ સંવર્ગોની નવી કારોબારી જાહેર કરાઈ હતી. પ્રાથમિક વિભાગમાં વિનોદભાઈ બારડ અધ્યક્ષ, દિનેશભાઈ મધા મંત્રી અને અરૂણભાઈ ગામી સંગઠન મંત્રી બન્યા હતા. માધ્યમિક વિભાગમાં મીઠાભાઈ ચાવડા અધ્યક્ષ અને કૌશિકભાઈ વાઢેર મંત્રી બન્યા હતા.

# ઉનાના નાળીયા માંડવી પાસે વરસાદી ખાડીમાં કાર ઉતરી, ચારનો બચાવ

ઉના,તા.૧૭

ઉનાના નાળીયા માંડવી નજીક વરસાદી પાણી ભરેલી ખાડી પાસે રોડ પરથી પસાર થતી વખતે કટનો અંદાજ



ન આવતા ચાર મિત્રો સવાર કાર પાણીમાં ઉતરી ગઈ હતી. કારમાં દિનેશભાઈ બાંભણીયા, હરેશભાઈ ડાભી, ધીરુભાઈ સાંખટ અને ભાવેશભાઈ ચૌહાણ સવાર હતા. ચારેય કારમાંથી બહાર નીકળી ગયા હતા. દરમિયાન સ્થાનિકોએ પાણીમાં ઉતરી દોરડાથી કારને બાંધી રાખી હતી. બાદમાં ટ્રેક્ટરની મદદથી કારને ખાડીમાંથી બહાર કાઢવાની કામગીરી હાથ ધરાઈ હતી.

# ગીર ગઢડાના ઉમેદપરા નજીક રૂપેણ નદીમાં આયશર ખાબકતા એકનું મોત

ઉના,તા.૧૭

ગીર ગઢડા તાલુકાના ઉમેદપરા નજીક રૂપેણ નદીના પુલ પર તા. ૧૫ સપ્ટેમ્બરની રાત્રે સાડા ૯ વાગ્યાના અરસામાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. માછલી ભરેલો આયશર ટ્રક પુલ પરથી આશરે ૧૫ ફૂટ નીચે નદીમાં ખાબકતાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે અન્ય બે વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. મૃતકની ઓળખ દ્રોણ ગામના ૪૨ વર્ષીય જગદીશ રામભાઈ બાંભણીયા તરીકે થઈ છે. અકસ્માતમાં



તસવીર : કૈલાશ ભટ્ટ

ટ્રકચાલક કાળુભાઈ માવજીભાઈ ડાભી અને રમેશ ગોવિંદભાઈ સાંખટને ગંભીર ઈજાઓ થતાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે વેરાવળ ખસેડવામાં આવ્યા છે. અકસ્માતની ઘટનાને પગલે સ્થાનિક તંત્ર દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# જૂનાગઢ ખાતે કોળી સમાજના વેવિશાળ મેળામાં ૧૦૨૫ ઉચ્ચ શિક્ષિત યુવક-યુવતીઓએ ભાગ લીધો

જૂનાગઢ,તા.૧૭

જૂનાગઢ ખાતે કોળી શક્તિ યુવક મંડળ અમરેલી દ્વારા ૭૭મા સમસ્ત કોળી સમાજના ઉચ્ચ અભ્યાસ કરતા યુવક-યુવતીઓનો વેવિશાળ મેળો યોજાયો હતો. આ કાર્યક્રમમાં ૧૦૨૫ યુવક-યુવતીઓએ ફોર્મ ભરીને ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પોતાનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમનું ઉદ્ઘાટન ભવનાથ



તળેટીના તળપદા કોળી પ્રમુખ ભુપતભાઈ ડાભી, દિનેશભાઈ ચુડાસમા, જયંતીભાઈ પોરડિયા અને કરશનભાઈ ડાભીના હસ્તે દીપ પ્રગટાવીને કરાયું હતું. સમારંભ પ્રમુખ આલ્ફા હાઈસ્કૂલના સંચાલક શ્રી જી. પી. કાઠીએ સમાજસેવા અને શિક્ષણને મજબૂત બનાવવા પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમમાં સામતભાઈ બાલાસ, નીતિનભાઈ વાઢીયા સહિતના અગ્રણીઓએ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું. આ આયોજનને સફળ બનાવવા માટે મંડળ પ્રમુખ રમેશભાઈ ગોહિલ, પરષોત્તમભાઈ મકવાણા, ભીખુભાઈ મકવાણા, કલ્પેશભાઈ બાવરીયા, રમેશભાઈ ડાભી અને હરેશભાઈ ગોહિલે જહેમત ઉઠાવી હતી.

# સુરતમાં રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા 'નારી ઉત્સવ મેળા ૪.૦'નું ભવ્ય આયોજન

**૧૬૦થી વધુ મહિલા ઉદ્યોગસાહસિકોએ ભાગ લીધો, ૧૭ હજારથી વધુ મુલાકાતીઓ ઉમટ્યા**

સુરત, તા.૧૭

મહિલાઓને પોતાના વ્યવસાયને આગળ વધારવા માટે પ્લેટફોર્મ અને નવી તકો મળી રહે તેવા ઉદ્દેશ સાથે રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા ત્રણ દિવસીય 'નારી ઉત્સવ મેળા ૪.૦'નું આયોજન કરવામાં આવ્યું




હતું. તા.૧૧થી ૧૩ સપ્ટેમ્બર દરમિયાન સરથાણા કોમ્યુનિટી હોલ ખાતે યોજાયેલા મેળામાં ૧૬૦ થી વધુ મહિલા ઉદ્યોગસાહસિકો અને એક્ઝિબિટર્સે ભાગ લીધો હતો. ઘરેથી વ્યવસાય કરતી મહિલાઓ સહિત વિવિધ ક્ષેત્રની ઉદ્યોગસાહસિકોએ પોતાના ઉત્પાદનોનું પ્રદર્શન અને વેચાણ કર્યું હતું. ત્રણ દિવસ દરમિયાન ૧૭ હજારથી વધુ મુલાકાતીઓએ મેળાની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે ડિસ્ટ્રિક્ટ ગવર્નર નૉમિની ડિઝિગ્નેટ રો. વિપુલ પટેલ, આસિસ્ટન્ટ ગવર્નર સોનલ શાહ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આયોજન ચેરમેન રો. જતિન કથીરિયા, ચેરમેન રો. વીણા પટેલ અને કો-ઓર્ડિનેટર રો. પ્રફુલ ચોડવડીયાના સંકલનથી થયું હતું.

### હજારો દીવડાઓથી ઝળહળ્યું મંદિર પરિસર, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા

# વડાપ્રધાનના જન્મદિન નિમિત્તે કામનાથ મંદિર ખાતે 'આશીર્વાદના દીવા' કાર્યક્રમ

અમરેલી, તા.૧૭





વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જાહેરજીવનમાં ૨૫ વર્ષની સેવા અને સમર્પણના ઉપલક્ષમાં સમગ્ર રાજ્યમાં ૧૭ ઓક્ટોબર સુધી 'સેવા સંકલ્પ અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાનના જન્મદિવસ નિમિત્તે અમરેલીના ઐતિહાસિક કામનાથ મહાદેવ મંદિરના સાનિધ્યમાં 'આશીર્વાદના દીવા' જિલ્લાકક્ષાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા સહિતના પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નિરામય આરોગ્ય, દીર્ઘાયુ અને રાષ્ટ્રની સુખાકારી માટે પ્રાર્થના કરી શુભેચ્છાઓ પાઠવી હતી.નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા. તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાનના નેતૃત્વમાં વિકાસનાં અનેક કાર્યો સાકાર થયા છે. તેમણે વિકસિત ભારત-૨૦૪૭ના લક્ષ્ય તરફ દેશ આગળ વધી રહ્યો હોવાનું જણાવ્યું હતું. કામનાથ મહાદેવ મંદિરને રંગબેરંગી ફૂલોથી શણગારવામાં આવ્યું હતું. મંદિર પરિસરમાં હજારો દીવડાઓ પ્રગટાવવામાં આવ્યા હતા અને આકર્ષક રંગોળીઓથી સુશોભન કરવામાં આવ્યું હતું. ઋષિગણોના મંત્રોચ્ચાર વચ્ચે શંખનાદ, ઢોલ-નગારાં અને ઝાલરના નાદ સાથે ભગવાન કામનાથ મહાદેવની મહાઆરતી યોજાઈ હતી. સાંસ્કૃતિક કાર્યક્રમમાં કલાકારોએ શિવ તાંડવ અને શિવ વંદનાની ભાવપૂર્ણ પ્રસ્તુતિ કરી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડીયા, અમરેલી નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા, અતુલભાઈ કાનાણી, પી.પી.સોજીત્રા, જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પ્રજાપતિ, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, સુપર ન્યુમરરરી આસિસ્ટન્ટ કલેક્ટર હર્ષિતા ગોયલ, સહિત પદાધિકારીઓ, અધિકારીઓ, શહેરના આગેવાનો, મહાનુભાવો અને બહોળી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા.

## દિશા સાલિયન કેસ પર આદિત્ય ઠાકરેનું નિવેદન: કહ્યું- હું તેને ક્યારેય મળ્યો નથી

મુંબઈ, તા.૧૭



દિશા સાલિયનના મૃત્યુ કેસને લઈને આદિત્ય ઠાકરેએ સોશિયલ મીડિયા પર નિવેદન જાહેર કર્યું છે. તેમણે કહ્યું કે, તેઓ દિશા સાલિયનને ક્યારેય મળ્યા નથી કે ઓળખતા નથી. ઠાકરેએ દાવો કર્યો કે છેલ્લા છ વર્ષથી કેટલાક લોકો રાજકીય અને વ્યક્તિગત હેતુસર તેમનું નામ આ ઘટનાથી જોડી રહ્યા છે. તેમણે આક્ષેપ કર્યો કે પુરાવા વિના મીડિયા ટ્રાયલ અને અફવાઓ દ્વારા તેમની છબીને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ઠાકરેએ સરકારી તંત્રને કેસની પુનઃતપાસ નિષ્પક્ષ રીતે અને કોઈપણ રાજકીય હસ્તક્ષેપ વિના કરવા દેવાની માગ કરી. તેમણે કહ્યું કે આવા પ્રયાસોથી તેઓ સત્ય અને અન્યાય સામેની લડાઈથી પાછળ નહીં હટે.

## દ્વારકા એક્સપ્રેસવે પર પૂરપાટ આવતી કારે ચાર મજૂરોને હડફેટે લીધા, બેના મોત

ગુરુગ્રામ, તા.૧૭



ગુરુગ્રામના દ્વારકા એક્સપ્રેસવે પર શ્રીરામ ચોક નજીક ફ્લાયઓવર પર રિપેરિંગ કામ કરી રહેલા ચાર મજૂરોને પૂરપાટ ઝડપે આવેલી કારે અડફેટે લીધા હતા. અકસ્માતમાં બે મજૂરોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે અન્ય બે મજૂરો અને કારમાં સવાર દંપતીને ઈજા થઈ હતી. મજૂરો ડિવાઈડર પર લોખંડની ગ્રિલ લગાવવાનું કામ કરી રહ્યા હતા. દિલ્હી તરફથી આવેલી કાર અચાનક મજૂરો તરફ ધસી આવી હતી. બચવા માટે બે મજૂરો ગ્રીન બેલ્ટ તરફ કૂદ્યા હતા, પરંતુ કાર ત્યાં પણ ઘૂસી જતાં તેઓ ઈજાગ્રસ્ત થયા હતા. મૃતકોની ઓળખ બિજ અને પપ્પુ તરીકે થઈ છે. બંને ઉત્તર પ્રદેશના બુલંદશહરના રહેવાસી હતા. અકસ્માતની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ઘાયલોને હોસ્પિટલ ખસેડ્યા હતા. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવાયા છે. બજઘેડા પોલીસે અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા તપાસ શરૂ કરી છે. કામના સ્થળે રાત્રિના સમયે પૂરતી રોશની અને સુરક્ષા વ્યવસ્થા હતી કે નહીં તે અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે.

## પીએમ મોદીના જન્મદિવસે કાશીમાં રાજનાથ સિંહ અને યોગીએ પૂજા કરી

લખનૌ, તા.૧૭

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ૭૬મા જન્મદિવસે દેશભરમાં વિવિધ કાર્યક્રમો યોજાયા. વારાણસીમાં કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહ, આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ, કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાન અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પૂજા કરી. પીએમ મોદીના લાંબા આયુષ્ય અને સુખાકારી માટે ૧૧ હવનકુંડમાં વિશેષ મંત્રોચ્ચાર સાથે પ્રસાદ અર્પણ કરાયો તેમજ બાબા વિશ્વનાથનો મહારુદ્રાભિષેક કરવામાં આવ્યો. ત્યારબાદ રાજનાથ સિંહ અને યોગી આદિત્યનાથે વડનગરથી વારાણસી સુધીની 'સેવા સંકલ્પ' બાઈક રેલીને લીલી ઝંડી આપી. ગુજરાતના વડનગરથી શરૂ થયેલી રેલી ૧૦ જૂથમાં કાશી માટે રવાના થઈ હતી. દિલ્હીમાં પણ હવન, રક્તદાન શિબિર અને 'આશીર્વાદ દીવો' સહિતના કાર્યક્રમો યોજાયા.

## દિલ્હી SIR મામલે સુપ્રીમ કોર્ટમાં ૨૧ સપ્ટેમ્બરે સુનાવણી હાથ ધરાશે

નવી દિલ્હી, તા.૧૭



દિલ્હીમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) હેઠળ મતદાર યાદીમાંથી નામ દૂર કરવાના મામલે સુપ્રીમ કોર્ટ ૨૧ સપ્ટેમ્બરે સુનાવણી કરશે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની ત્રણ સભ્યોની બેન્ચે અરજી પર સુનાવણી માટે સંમતિ આપી છે. અરજદાર તરફથી વકીલ પ્રશાંત ભૂષણે દાવો કર્યો કે ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી ૪૭ લાખ નામ દૂર કરાયા છે અને તેમાંથી ૩૩ લાખ લોકોને નોટિસ આપવામાં આવી છે. અરજીમાં આક્ષેપ કરાયો છે કે નોટિસ મેળવનાર લોકોનાં નામ અને નામ દૂર કરવાના ચોક્કસ કારણો જાહેર કરવામાં આવ્યા નથી. ચૂંટણી પંચે ૩૧ ઓગસ્ટે આશરે ૧.૪૫ કરોડ મતદારોની ડ્રાફ્ટ યાદી જાહેર કરી હતી, જેમાં ૪૭ લાખ નામ બહાર કરવામાં આવ્યા હતા. પંચના જણાવ્યા મુજબ, ૪૩.૩૨ લાખથી વધુ મતદારો સ્થળાંતરિત અથવા ગેરહાજર હતા, જ્યારે અન્ય નામો મૃત્યુ અથવા એકથી વધુ સ્થળે નોંધણીના આધારે દૂર કરાયા હતા.

## પીએમ મોદીએ ૧.૫ કરોડ મહિલાઓને અન્નપૂર્ણા યોજના હેઠળ રૂા. ૩૦૦૦ની સહાય આપી

નવી દિલ્હી, તા.૧૭



વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળમાં અન્નપૂર્ણા દિવસના કાર્યક્રમને વીડિયો સંદેશ દ્વારા સંબોધ્યો અને યોજનાની ચોથી કિસ્ત હેઠળ આશરે ૧.૫ કરોડ મહિલાઓને રૂ.૩,૦૦૦ની સહાય સીધી બેંક ખાતામાં જમા કરાવાઈ હોવાની માહિતી આપી. તેમણે કહ્યું કે આ સહાય મહિલાઓની દૈનિક જરૂરિયાતો અને પરિવારની જવાબદારીઓમાં મદદરૂપ થશે. પશ્ચિમ બંગાળ સરકારે ૧૭ સપ્ટેમ્બરને અન્નપૂર્ણા દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી છે. મોદીએ જણાવ્યું કે યોજનાનો હેતુ મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવાનો છે અને કોઈપણ પાત્ર મહિલા લાભથી વંચિત ન રહે તે સરકારની પ્રાથમિકતા છે. તેમણે કેન્દ્રની ઉજ્જવલા, જનધન, આયુષ્માન ભારત અને સુકન્યા સમૃદ્ધિ સહિતની યોજનાઓનો ઉલ્લેખ કર્યો. પીએમએ કહ્યું કે મહિલાઓનો આત્મવિશ્વાસ વધારવો અને તેમના જીવનને સરળ બનાવવું સરકારની પ્રાથમિકતા છે.

## પંજાબમાં ડ્રગ્સ સામે ભાજપે જન આંદોલન શરૂ કરવાની જાહેરાત કરી

ચંદીગઢ, તા.૧૭



પંજાબ ભાજપે ડ્રગ્સના દુરૂપયોગ સામે જન આંદોલન શરૂ કરવાની જાહેરાત કરી છે. પક્ષ અસરગ્રસ્ત પરિવારોના માતાપિતાને એકત્ર કરશે. અબોહરમાં લવપ્રીત નામના યુવાનનો મૃતદેહ સ્કૂટર પાસે મળ્યો હતો. પોસ્ટમોર્ટમ ન થતાં તેના મૃત્યુનું સત્તાવાર કારણ જાણી શકાયું નથી. પોલીસે ઘટનાસ્થળે ડ્રગ્સના ઉપયોગના કોઈ સંકેત મળ્યા ન હોવાનું જણાવ્યું છે. ધારાસભ્ય સંદીપ જાખરે ડ્રગ્સના વધતા સંકટ અંગે સરકારને ઘેરી અસરકારક કાર્યવાહી કરવાની માંગ કરી. ભાજપ પ્રદેશ પ્રમુખ કેવલ સિંહ ધિલ્લોને જન આંદોલનની જાહેરાત કરી છે.

## ફોજદારી કેસોમાં ન્યાય માટે પોલીસ તપાસની ભૂમિકા મહત્વપૂર્ણ: સીજેઆઈ સૂર્યકાંત

નવીદિલ્હી, તા.૧૭

ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે જણાવ્યું કે ફોજદારી કેસોની શરૂઆતની તપાસમાં ખામી રહે તો બાદમાં કોર્ટ માટે થયેલા નુકસાનની ભરપાઈ કરવી મુશ્કેલ બને છે. ભૂતપૂર્વ આઈપીએસ અધિકારી ઓ.પી. મિશ્રાના પુસ્તક વિમોચન પ્રસંગે તેમણે કહ્યું કે એફઆઈઆર નોંધવાથી લઈને તપાસ સુધી પોલીસ નિષ્પક્ષતા અને સાવચેતી રાખે તે જરૂરી છે. પોલીસના વિવેકપૂર્ણ નિર્ણયને તેમણે ન્યાયના મૂળભૂત સિદ્ધાંત સાથે જોડ્યો હતો. નાગરિકોને સહાનુભૂતિપૂર્વક સાંભળવા અને યોગ્ય માર્ગદર્શન આપવાથી પોલીસ પ્રત્યેનો વિશ્વાસ વધે છે. દરમિયાન, દિશા સલિયનના મૃત્યુના કેસમાં બોમ્બે હાઈકોર્ટે પ્રાથમિક તપાસમાં રહેલી વિસંગતતાઓને ધ્યાનમાં લઈને સીબીઆઈ તપાસનો આદેશ આપ્યો હતો. સીબીઆઈએ ૧૩ સપ્ટેમ્બરે એફઆઈઆર નોંધાવી તપાસ શરૂ કરી છે.

## યુપીઆઈ ફી મુદ્દે વેપારીઓમાં નારાજગી, દુકાનોમાંથી ક્યુઆર કોડને દૂર કરાયા

નવી દિલ્હી, તા. ૧૭




યુપીઆઈ ચુકવણી માટે નવી ફી સિસ્ટમની ચર્ચા વચ્ચે અલીગઢના બજારોમાં વેપારીઓએ QR કોડ દૂર કરી રોકડ ચુકવણીનો આગ્રહ શરૂ કર્યો છે. રસલગંજ, જયગંજ, મહાવીરગંજ, રેલવે રોડ સહિતના વિસ્તારોમાં કરિયાણાની દુકાનો, ચાની લારીઓ અને ફળવિક્રેતાઓએ યુપીઆઈ સ્વીકારવાનો ઈનકાર કર્યો હોવાના અહેવાલ છે. વેપારીઓનું કહેવું છે કે નવી વ્યવસ્થા ગ્રાહકો અને દુકાનદારો બંને માટે મુશ્કેલી ઊભી કરશે. અહેવાલ મુજબ, ૧૫ ઓક્ટોબરથી રૂ. ૨,૦૦૦ સુધીની વેપારી ચુકવણી મફત રહેશે, જ્યારે તેનાથી વધુ રકમ પર ૦.૪ ટકા એમડીઆર લાગુ કરવાની જોગવાઈ છે. વેપારી સંગઠનોએ આ નિર્ણયનો વિરોધ કરી દેશવ્યાપી આંદોલનની ચીમકી આપી છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ ફી પાછી ખેંચવાની માંગ કરી છે.

## જમ્મુ-કાશ્મીરના ઉધમપુરના જંગલવિસ્તારમાં બે આતંકવાદીઓને ભારતીય સુરક્ષાદળે ઠાર માર્યા


જમ્મુ, તા.૧૭



જમ્મુ-કાશ્મીરના ઉધમપુર જિલ્લામાં સુરક્ષા દળોએ બુધવારે રાત્રે આતંકવાદ વિરોધી ઓપરેશન હાથ ધરી જંગલ વિસ્તારમાં બે આતંકવાદીઓને ઠાર માર્યા હોવાના અહેવાલ છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, બંનેની ઓળખ હજુ થઈ નથી. મજલતા વિસ્તારના બ્રટેલ સોન અને ખુબ્બન વિસ્તારમાં શંકાસ્પદ આતંકવાદી ગતિવિધિઓની માહિતી મળ્યા બાદ સેના, જમ્મુ-કાશ્મીર પોલીસ અને સીઆરપીએફે રાત્રે સંયુક્ત સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. મોડી રાત્રે સુરક્ષા દળોનો આતંકવાદીઓ સાથે સંપર્ક થતાં એન્કાઉન્ટર શરૂ થયું હતું. ગોળીબારમાં બે આતંકવાદીઓ માર્યા ગયા હતા. ઓપરેશન દરમિયાન શસ્ત્રો અને દારૂગોળો પણ મળી આવ્યો હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે. સુરક્ષા દળો દ્વારા સમગ્ર વિસ્તારમાં સઘન સર્ચ ઓપરેશન હજુ ચાલુ છે, જેથી અન્ય કોઈ આતંકવાદી છુપાયેલા હોય તો તેમની હાજરી શોધી શકાય. અધિકારીઓએ જણાવ્યું કે ઓપરેશન પૂર્ણ થયા બાદ વધુ વિગતો જાહેર કરવામાં આવશે.

## ભારતે અફઘાનોને બળજબરીથી પરત મોકલવા બદલ યુએન સુરક્ષા પરિષદમાં ચિંતા વ્યકત કરી

ન્યૂયોર્ક, તા.૧૭



અફઘાનિસ્તાન અંગે યુએન સુરક્ષા પરિષદની બેઠકમાં ભારતે બળજબરીથી પરત મોકલાતા અફઘાનોની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ભારતના કાયમી પ્રતિનિધિ રાજદૂત પર્વતાનેની હરીશે જણાવ્યું કે લાખો લોકોને બળજબરીથી પરત મોકલવાની સ્થિતિ ગંભીર છે અને પરત ફરવું સ્વૈચ્છિક, સુરક્ષિત અને ગૌરવપૂર્ણ હોવું જોઈએ. તેમણે પરત ફરનારાઓના પુનર્વસન માટે આંતરરાષ્ટ્રીય સહયોગ અને માનવતાવાદી સહાય વધારવાની જરૂરિયાત જણાવી હતી.


હરીશે આતંકવાદી સંગઠનોને સુરક્ષિત આશ્રય અને કામગીરી માટે અનુકૂળ વાતાવરણ સામે આંતરરાષ્ટ્રીય કાર્યવાહી કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. ૯/૧૧ના હુમલાનો ઉલ્લેખ કરતાં તેમણે અલ-કાયદાના નેતાઓના ભૂતકાળના આશ્રયસ્થાનોનો સંદર્ભ આપ્યો અને લશ્કર-એ-તૈયબા તથા જૈશ-એ-મોહમ્મદ જેવા સંગઠનોનો ઉલ્લેખ કર્યો. ભારતે આવા સંગઠનો દ્વારા ઓળખ બદલવાનો અને પ્રતિબંધોથી બચવાનો પ્રયાસ થતો હોવાનો દાવો કર્યો હતો.

# સા.કુંડલાના હાડીડા ગામે પુત્રીની હત્યા કરી પિતાનો આપઘાત

**પુત્રીની હત્યા કર્યા બાદ મોઢામાં તુલસીપત્ર મુકી મૃતદેહને ફ્રિજમાં મુકી દીધો**

અમરેલી,તા.૧૭

સાવરકુંડલા તાલુકાના હાડીડા ગામમાં ભાડાના રહેણાક મકાનમાંથી પિતા-પુત્રીના મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક તપાસમાં પિતાએ પાંચ વર્ષની પુત્રીની હત્યા કર્યા બાદ તેનો મૃતદેહ ફ્રિજમાં મૂકી પોતે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે. હાડીડા ગામે ભાડાના મકાનમાં રહેતા કિશોરભાઈ નાથાભાઈ ધાણક બાંધકામની સાઈટ પર દેખરેખ રાખવાનું કામ કરતા હતા. ૧૬ સપ્ટેમ્બરે તેઓ પૈસાની ઉઘરાણી માટે મહુવા ગયા હોવાનું જણાવી ઘરેથી નીકળ્યા હતા. સાંજના સમયે તેમની પત્ની મંજુબેન તથા સગા-સંબંધીઓ ઘરે પહોંચ્યા ત્યારે મકાન અંદરથી બંધ હતું. ઘણો અવાજ કરવા છતાં અંદરથી કોઈ પ્રતિસાદ ન મળતાં સરપંચ અને ગ્રામજનોની મદદથી દરવાજો ખોલવામાં આવ્યો હતો. મકાનમાં પ્રવેશતાં કિશોરભાઈ ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા. દરમિયાન તેમની પાંચ વર્ષની પુત્રી હિમાંશી ઉર્ફે દીકુ જોવા ન મળતાં શોધખોળ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન હિમાંશીનો મૃતદેહ ફ્રિજમાંથી મળી આવતા પરિવારજનો સહિત સૌ કોઈ





સ્તબ્ધ થઈ ગયા હતા. બાળકીના મૃતદેહને શણગારેલી સ્થિતિમાં બેસાડવામાં આવ્યો હતો. તેને ઢળી ન જાય તે માટે આસપાસ ઓશિકાના ટેકા મૂકવામાં આવ્યા હતા. બાળકીના મોઢામાં પાંદડું મૂક્યું હતું, ગલગોટાના ફૂલનો હાર પહેરાવ્યો હતો અને માથે ચૂંદડી ઓઢાડવામાં આવી હતી.

મંજુબેન ધાણકની ફરિયાદના આધારે સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩(૧) હેઠળ ગુનો નોંધાયો છે. પોલીસ અધિકારી પી.એલ. ચૌધરી દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. સાવરકુંડલાના હાડીડા ગામે એકસાથે બેના મૃતદેહ મળતા પરિવારમાં પણ કાળો કલ્પાંત સર્જાયો હતો. આ ઘટનાને કારણે સમગ્ર પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

### પોલીસને કિશોરભાઈએ લખેલી ત્રણ સુસાઈડ નોટ મળી

પિતા-પુત્રીના મોત મામલે પોલીસને ઘટનાસ્થળેથી કિશોરભાઈએ લખેલી ત્રણ અલગ-અલગ સુસાઈડ નોટ મળી આવી હતી. ચિઠ્ઠીમાં આર્થિક તંગીથી કંટાળીને આ પગલું ભર્યું હોવાનું લખ્યું હતું. મહુવા ખાતે કરેલા કામના બાકી નાણાં તથા અન્ય ખર્ચના મળી આશરે રૂ.૭.૨૫ લાખ લેવાના બાકી હતા. લાંબા સમયથી રકમ ન મળતા અને પર્સનલ લોનનું ભારણ વધતાં પરિવાર આર્થિક સંકટમાં મુકાયો હતો. સુસાઈડ નોટમાં દીકરી તેમના મૃત્યુ બાદ અનાથ અને દુઃખી ન થાય તે માટે તેને પણ પતાવી દીધી હોવાનો ઉલ્લેખ કરી માફી માંગી હતી. પોલીસે તપાસ હાથ ધરી છે.

# ધોળકામાં ખેડૂતોએ કર્યો હલ્લાબોલ : મંત્રી મોઢવાડિયા અને ધારાસભ્યની કારનો ઘેરાવ

અમદાવાદ, તા. ૧૭



અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામમાં વનમંત્રી અર્જુન મોઢવાડિયા અને ધારાસભ્ય કિરીટસિંહ ડાભીને ખેડૂતોના ઉગ્ર વિરોધનો સામનો કરવો પડ્યો હતો. લાંબા સમયથી પડતર પ્રશ્નોના નિરાકરણ માટે રજૂઆત કરવા પહોંચેલા ખેડૂતોને પોલીસે અટકાવતાં મામલો ઉગ્ર બન્યો હતો. મંત્રી અને ધારાસભ્યનો કાફલો સરોડા ગામે પહોંચ્યો ત્યારે ખેડૂતો આવેદનપત્ર આપવા માટે એકઠા થયા હતા. જોકે, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને ધ્યાનમાં રાખીને પોલીસે તેમને મંત્રી સુધી પહોંચતા અટકાવ્યા હતા.આથી રોષે ભરાયેલા ખેડૂતોએ સભાસ્થળની બહાર જ એકઠા થઈ મંત્રીની કારને ઘેરી લીધી હતી. ખેડૂતોએ સૂત્રોચ્ચાર કરી એક કલાકથી વધુ સમય સુધી વિરોધ નોંધાવ્યો હતો. પરિસ્થિતિ વણસતી જતાં પોલીસ કાફલાએ બળપ્રયોગ કરીને ખેડૂતોને રસ્તાની બાજુએ ખસેડ્યા હતા. ત્યારબાદ મંત્રી અને ધારાસભ્યના કાફલાને ત્યાંથી રવાના કરવામાં આવ્યો હતો.ખેડૂતોએ જણાવ્યું હતું કે તેઓ કોઈ અશક્ય માંગણી કરી રહ્યા નથી, પરંતુ પોતાના હક માટે લડી રહ્યા છે. ખેડૂતોની માંગ છે કે ૧૭ ખેડૂતોને ખેતીલાયક સારી જમીન તાત્કાલિક પરત સોંપવામાં આવે. અસામાજિક તત્વોએ જમીન પર કરેલા ગેરકાયદે કબજાઓ દૂર કરવામાં આવે અને ખેડૂતોની જમીનના હસ્તાંતરણની તમામ કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હોવા છતાં બાકી રહેલી સનદો આપવામાં આવે. ખેડૂતોની માંગણીઓનો વહેલી તકે ઉકેલ નહીં આવે તો આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવાની ચીમકી પણ આપવામાં આવી છે.

# અમિત શાહે વડનગરથી વારાણસી સુધીની ‘સેવા સંકલ્પ’ બાઈકયાત્રાને લીલી ઝંડી આપી




મહેસાણા, તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે ‘સેવા સંકલ્પ અભિયાન’ અંતર્ગત વડનગરથી વારાણસી સુધીની બાઈક યાત્રાનો પ્રારંભ થયો હતો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વડનગરમાં ધ્વજવંદન સમારોહમાં યાત્રાને લીલી ઝંડી આપી હતી. આ યાત્રા વડાપ્રધાન મોદીના જન્મસ્થળ વડનગરને તેમના લોકસભા મતવિસ્તાર વારાણસી સાથે જોડે છે. યાત્રા હાટકેશ્વર મહાદેવ મંદિરથી શરૂ થઈ કાશી વિશ્વનાથ મંદિર ખાતે પૂર્ણ થશે. અમિત શાહે જણાવ્યું હતું કે સાત રાજ્યોના ૬૦૦થી વધુ બાઈકર્સ આ યાત્રામાં જોડાશે અને અનેક ગામોમાંથી પસાર થઈ સેવા તથા વિકાસનો સંદેશ લોકો સુધી પહોંચાડશે. તેમણે યુવાનોને વડાપ્રધાન મોદીના જીવન અને સંઘર્ષમાંથી પ્રેરણા લેવા આહ્વાન કર્યું હતું. શાહે કહ્યું કે દેશના વિકાસ માટે નવી પેઢીને સેવાની ભાવના સાથે જોડવાની જરૂર છે. તેમણે વડાપ્રધાન મોદીના ૨૫ વર્ષના જાહેર જીવનનો ઉલ્લેખ કરી તેમના રાષ્ટ્રસેવાના સંકલ્પની વાત કરી હતી.

# મોદીના જન્મદિવસે વિશ્વ ઉમિયાધામમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આરતી ઉતારી

અમદાવાદ, તા.૧૭



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૬મા જન્મદિવસની ગુજરાતભરમાં વિવિધ કાર્યક્રમો સાથે ઉજવણી કરવામાં આવી હતી. અમદાવાદના વિશ્વ ઉમિયાધામ ખાતે પણ આ નિમિત્તે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જન્મદિવસને યાદગાર બનાવવા મંદિર પરિસરમાં ૭,૬૦૦ દીવડાઓ પ્રગટાવવામાં આવ્યા હતા. એકસાથે હજારો દીવડાઓ પ્રગટતાં સમગ્ર મંદિર પરિસર દિવ્ય અને ભવ્ય રોશનીથી ઝગમગી ઉઠ્યું હતું. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વિશ્વ ઉમિયાધામ ખાતે ઉપસ્થિત રહ્યા હતા. મધરાતે ૧૨ વાગ્યે મુખ્યમંત્રીએ મા ઉમિયાની મહાઆરતી ઉતારી હતી. મહાઆરતી દરમિયાન મંદિર પરિસરમાં ભક્તિ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. ત્યારબાદ મુખ્યમંત્રીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સારા સ્વાસ્થ્ય, નિરોગી જીવન અને દીર્ઘાયુ માટે મા ઉમિયાના ચરણોમાં પ્રાર્થના કરી હતી.કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં ભક્તો અને લોકો ઉપસ્થિત રહ્યા હતા. ૧૫૦ જેટલા નવપેઢીના યુવાનોની આગેવાનીમાં પાંચ હજારથી વધુ લોકોએ એકસાથે ‘વંદે માતરમ’નું ગાન કર્યું હતું. દેશભક્તિના નાદથી વિશ્વ ઉમિયાધામ પરિસર ગૂંજી ઉઠ્યું હતું.હજારો ભક્તોની અવરજવરને ધ્યાનમાં રાખીને કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ઘરે પરત ફરવામાં સરળતા રહે તે માટે અમદાવાદ મ્યુનિસિપલ પરિવહન સેવા દ્વારા ૧૦૦ વધારાની બસોની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ રીતે વિશ્વ ઉમિયાધામ ખાતે ભક્તિ, દીપોત્સવ અને દેશભક્તિના સંગમ સાથે પ્રધાનમંત્રીના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

